ૐ

॥ श्री रामानुज स्वामिने नमः ॥

श्री भाविक भक्तो माटे

श्री राम-रस.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

બુકસેલર લલુભાઇ અમુલખ.
માણેકચોક—અમદાવાદ.

આવૃત્તિ બીજી સને ૧૯૧૬ પ્રત ૨૦૦૦

અમદાવાદમાં—શ્રી માર્તંડ મુદ્રાલય પ્રેસ ઠે. રતનપોળ,
મરચીપોળમાં પટેલ ભીખાભાઇ છગનલાલે છાપ્યો.

કીંમત બે આના

ॐ

॥ श्री रामानुज स्वामिने नमः ॥

શ્રી ભાવિક ભક્તો માટે

શ્રી રામ–રસ

છપાવી પ્રસિદ્ધ કરનાર,


બુકસેલર લલ્લુભાઈ અમુલખ.

માણેકચોક—અમદાવાદ.

આવૃત્તિ બીજી સને ૧૯૧૬ પ્રત ૨૦૦૦

અમદાવાદમાં–ધી માર્તંડ મુદ્રાલય પ્રેસ ઠે. રતનપોળ મરચીપોળમાં પટેલ ભીખાભાઇ છગનદાસે છાપ્યું.

કીમત બે આના



॥ શ્રી રણછોડજીને નમઃ ॥

શ્રી રામ-રસ.

ભાગ ૧ લો.

અર્થ ન ધર્મ ન કામ રૂચી, ગતિ ન ચહુ નીર્વાણ;
જન્મ જન્મ રતી રામ પદ, એ વરદાન દયાલ. સીયા૦
મેં અપરાધી હીન મતિ, પડ્યો મોહને પાશ;
મમ કૃત દોષ ન માનીએ, હે પ્રભુ દીન દયાલ. સીયા૦

કીર્તન ૧ લું.

આંબો અખીલ ભોવન થકી ઉતર્યો,
તેનો વૃજરે ભોવનમાં છે વાસ.
અનાદી આંબો બહુ ફળ્યો રે,
આંબો ધ્રુવ ને પ્રહેલાદે અનુભ્યો'
તેને વેડે નારી વ્રજનાર, આનાદી.
આંબો જસોદાજીએ સેંચીઓ,
તેના નંદ ગોપ રખવાર. અનાદી.
મહા મુનીએ નીગમ બીજ રોપીયું,
વેદવ્યાસ તણા મુખમાંય. અનાદી.

તેના ચતુર શ્લોકી ચાર પત્ર થયા,
દ્વાદસ સ્કંધ તે ડાળાં બાર. અનાદી.
ત્રણુસેં ત્રીસ અધ્યાય તેનાં ઝુમખાં,
શ્લોક પત્ર અઢાર હજાર. અનાદી.
શ્રીમદ ભાગવદ રૂપીઉ ફળ થયું,
શ્રુતી સમૃતી સઘળાં છે પત્ર. અનાદી.
વેદ પુરાણુ તેની શાખા થઇ,
તેની છાયા થઇ છે સર્વત્ર, અનાદી.
શુક પક્ષી લઇ ઉડી ગયાં,
જઈ બેઠા ગંગા તટ જયાંહ. અનાદી.
તેને ચાખતામાં પ્રસરીયો,
પડયો પરીક્ષતના મુખમાંય. અનાદી.
એવા કલ્પતરૂ શ્રીકૃષ્ણુજી,
પુરણ પુરૂષોત્તમ ભગવાન. અનાદી.
આંબો ગાય શીખે ને સાંભળે,
તેનો થાજો વૈકુંઠમાં વાસ. આનાદી.

નીસો કેવો કરવો.

આ દુનીઆમાં માણુસ માત્રને નીસો કરવાની જરૂર છે. નીસા વીના મનને પરમાનંદ રહેતો નથી પણુ નીસો કેવો કરવો કે જેનાથી જીવાત્માને પરમપરા સુખ રહે પણુ એવો નીસો નહી કરવો જોઇએ કે પંચમહાભુતના શરીરની ખરાબી લોક અપવાદમાં હલકઇ થાય તેવો નીસો કરવાની જરૂર નથી નીસો કોણે કરી જાણ્યો વાલા

વૈશ્નવો જ્ઞાન ને વૈરાગ્યની ઝીણી નજરથી તપાસો તો ખરા કે **વીદુર** પત્નીએ એવો **નીસો** કર્યો કે કૃષ્ણ પરમાત્મા તેમને ઘેર આવ્યા ત્યારે કેળાંના ગર્ભ સાટે છોતરાં જમવા આપ્યાં ને ગર્ભ ફેંકી દીધો. હે હરી જનો **નીસો** કેવો કરવો અને તે **નીસો** મળવાનું ઠેકાણું **સતસંગમાંજ સમાએલો** છે.

સંસારીક **નીસો** કરવાથી લોક અપવાદ, શરીરની ખુવારી, દ્રવ્યની હાની, ધરમની હાની નીચેના પદમાં સમાયલી છે તો તેનો સાર લક્ષ લઈ યોગ રસ્તો ઝાલવા કૃપા કરશો.

કીર્તન ૨ જુ.

ગાંજા મત પીઓ કલેજા જલ જાયગા,
કલેજા જલ જાયગા કલેજા જલ જાયગા. ગાંજા.
ગાંજા કહે મેં રંગા ભંગી મેરા નીશા ખુબ હોયગા,
દમ મારે જબ ગમ પડેગા ડફલ હો જાયગા. ગાં.
અફીણ કહે મેં પુરા વિગસ મેરા નીસા ખુબ હોય,
જુવાનીમેં ઝટપટ મારે બુઢાપણમેં પસ્તાયગા. ગાં.
શરાબ કહે મેં સુરા પુરા મેરા નીસા ખુબ હોયગા,
સડકોંપે લથડીઆ મારે, ખડેમેં ગીર જાયગા. ગાં.
રામ ભજનકા એસા નીશા સુખ શાંન્તી તું પાયગા
શખી માણીકે સ્વામીકુ ભજતા જન્મ મરણ મીટ જાયગા.ગાં.

કીર્તન ૩ જું.

મારે માથે ગુરૂજીની સીતલ છાયા—
સમજ્યા વિના બધા દીન ગમાયા.
સમીસાંજે ખાતર પડયું, પરોઢીએ સંભાળ્યું; (૨)
વહાણું વાયું ને એની વારે ધાયા (સમજ્યા)
આગ લેશે લુંટી ને રહેશો માથાકુટી (૨)
સર્વે દેશોના વાયરા વાયા (સમજ્યા)
આવશે કાળની હુંડી તેમાં ઘેરાશે મુડી (૨)
ડાહપણ ડોળવાને બેઠા ડાયા. (સમજ્યા)
સુપડામાં સોહીએ ત્યારે સાચું કાઢી જોઇએ (૨)
મુશળના માર પડયા કયાંથી ખમાયા (સમજ્યા)
રામદાસ ચરણે રામ ભાદ્રવે ગાયા (૨)
અલખ પુરૂષ મારે આંગણે આવ્યા (સમજ્યા)

એક સમય કાગભુશંડી નીલગીરી પર્વત ઉપર નીવાસ કરતા હતા, અને પરમ શ્રી રામચંદ્રજી મહારાજના ભકત હતા. તે વખતે પક્ષીના રાજા ગરૂડજીને મોહ થવાથી જ્ઞાનનો નાશ થયો હતો, તે શ્રીજગત ગુરૂવિશ્વનાથના ઉપદેશથી તેમને કાગભુશંડી પાસે મોકલ્યા અને કાગભુશંડજીને ગરૂડજીએ આ સંસારમાં જાણવાજોગ સાત પ્રશ્ન પુછ્યા તેના જવાબ.

દોહા—સુન વ્યાલારિ કરાલકારિ, મલ અવશેણુ આગાર;
ગુણહુ બહુત કલિકાર કર, વિનુ પ્રયાસ નિસ્તાર. ૧

હે ગરૂડજી! એ સાંભળો, એ પ્રમાણે કળિકાળ જો કે વિકરાળ છે અને પાપ તથા દુર્ગુણોના ઘરરૂપ છે તોપણ તેમાં એક મોટો

ગુણ છે તે એ કે તેમાં વિના પરિશ્રમે પ્રભુના કીર્તન ભજનનીજ લોકોનો નીસ્તાર થઇ જાય છે. ૧૪૮

કૃત યુગ ત્રેતા દ્વાપરહું, પુજા નખ અરૂ યોગ;
જો ગતિ હોઇ સો કલિ હરિ હિ, નામ તે પાવહિં લોગ. ૨

સત્યયુગમાં યોગ સાધવાથી ત્રેતાયુગમાં યજ્ઞ કરવાથી અને દ્વાપરયુગમાં પૂજા કરવાથી જે ગતિ થાય છે તે ગતિને કળિયુગમાં લોકો કેવળ હરિ નામ લેવાથી પામે છે. ૧૪૯

ચોપાઇ.

કૃત યુગ સબ યોગી વિજ્ઞાની, કરિ હરિ ધ્યાન તરહિં ભવપ્રાની;
ત્રેતા વિવિધ યજ્ઞ નર કરહી, પ્રભુ હિં સમર્પ કર્મ ભવ તરહી.૧

સત્યુગમાં લોકો યોગી તથા જ્ઞાની બનીને પ્રભુનું ધ્યાન કરવાથી સંસારને તરે છે. ત્રેતાયુગમાં અનેક પ્રકારના યજ્ઞ રૂપ કર્મો કરી તે કર્મોને પ્રભુને અર્પણ કરવાથી સંસારને તરે છે. ૧

દ્વાપર હરિ રઘુપતિ પદ પૂજા, નરભવ તરહિં ઉપાય ન દુજા,
કલિયુગ કેવળ હરિ ગુણ ગાહા, સુમિરત નર પાવહિં ભવ થાહા.

દ્વાપરયુગમાં બીજા કોઇ ઉપાયથી નહિ પણ પ્રભુના ચરણોની પૂજા કરવાથી સંસારને તરે છે, અને કળિયુગમાં તો કેવળ પ્રભુના ગુણના કીર્તન તથા સ્મરણથી તરી જાય છે.

કલિયુગ યોગ યજ્ઞ નહિ જ્ઞાના, એક આધાર રામ ગુણ ગાના
સબ ભરોસ તજીજો ભજિ રામહિં,પ્રેમ સમેત ગાવ ગુમ ગ્રામહિ

કળીયુગમાં યોગ યજ્ઞ કે જ્ઞાન કશાની જરૂર નથી. કેવળ રામચંદ્રજીના ગુણોનું ગાન કરવું એજ આધાર છે. માટે જે માણસો બીજા સઘળા ભરોસાઓને છોડી દઈને રામચંદ્રજીને ભજે તથા

પ્રેમયુક્ત થઇને રામચંદ્રજીના ગુણોના સમૂહ ગાય તેઓ સંસારને તરી જાય છે. ૩

સો ભવ તરૂ કછું સંશય નાહીં, નામ પ્રતાપ પ્રગટ કલિ માંહીં;
કલિકર એક પુનીત પ્રતાપા માનસ પુણ્ય હોઈ નહિં પાપા. ૪

એમાં કશો સંશય નથી. કળિયુગમાં રામચંદ્રજી નામનો પ્રતાપ પ્રગટ છે. કળિયુગમાં એક બીજો પણ પવિત્ર પ્રભાવ છે તે એ છે કે મનથી કરવામાં આવેલાં પુણ્યો ફળ આપે છે. પણ પાપો તો મનથી કરવામાં આવેલાં હોય તો નહિ પણ મનની પ્રેરણા પૂર્વક શરીરથી કરવામાં આવેલાં હોય છે તોજ ફળ આપે છે. ૪

દોહરા.

કલિયુગ સમયુગ આન નહિં, જો નર કર વિશ્વાસ;
ગાઈ રામ ગુણ ગણ વિમલ, ભવતરૂ વિનહિં પ્રયાસ. ૩

હે ગરૂડજી ! મારા સિદ્ધાંત પ્રમાણે તો કળિયુગ જેવો બીજો કોઈ યુગ ઉત્તમ નથી કેમકે તે યુગમાં માણસ જો વિશ્વાસ ધરીને રામચંદ્રજીના નિર્મળ ગુણોનો સમૂહને ગાય તો વિના પ્રયાસેજ સંસારને તરી જાય છે.

ચોપાઇ.

પુનિ સપ્રેમ બોલેઉ ખગરાઊ, જો કૃપાલુ મોહિં ઉપર ભાઊ;
નાથ મોહિ નિજ સેવક જાની,સપ્ત પ્રશ્ન મમ કહાહુ વખાની। ૧

એ પ્રમાણે કાકભુશંડીના વચનો સાંભળીને વળી પણ ગરૂડજી પ્રેમ પૂર્વક બોલ્યા કે હે કૃપાળુ ! જો આપ મારા ઉપર પ્રેમ કરો છો તો મને પોતાનો સેવક જાણી નીચે પ્રમાણે મારા સાત પ્રશ્નોના ઉત્તર આપો. ૧

પ્રથમહિ કહહુ નાથ મતિધીરા, સબતે દુર્લભ કવન શરીરા;
બડ દુખ કવન સુખભારી, સો સંક્ષેપહિ કહહુ વિચારી. ૨

હે ધીર બુદ્ધિવાળા સ્વામી! પ્રથમ એ કહો કે જગતમાં સઘળાં શરીરો કરતાં કયું સરીર દુર્લભ છે? બીજું સંક્ષેપથી એ કહો કે જગતમાં સઘળાં દુઃખો કરતાં કયું દુઃખ મોટું છે? ત્રીજું એ કહો કે જગતમાં સઘળાં સુખો કરતાં કયું સુખ મોટું છે.

સંત અસંત મર્મ તુમ જાનહુ, તિન્હ કર સહજ સ્વભાવ બખાનહુ
કવન પુણ્ય શ્રુતિ વિદિત વિશાલા, કહહુ વચન અઘ પરમ કરાલા.

ચોથું એ કહો કે સંત જનોનો સ્વભાવ કેવો હોય છે? અને અસંત જનોનો સ્વભાવ કેવો હોય છે? પાંચમું એ કહો કે વેદમાં કહ્યા પ્રમાણે કયું પુણ્ય સર્વ પુણ્યોથી અધિક છે? છઠું એ કહો કે કયું પાપ સઘળાં પાપોથી અધિક ભયંકર છે. ૩

માનસ રોગ કહહુ સમગાઇ, તુમ સર્વજ્ઞ કૃપા અધિકાઇ;
તાત સુનહુ સાદર અતિ પ્રીતિ, મૈં સંક્ષેપ કહોં યહ નીતિ. ૪

સાતમું એ કહો કે માનસિક રોગો કયા કયા કહેવાય છે? આપ સર્વજ્ઞ છો, અતિ કૃપાળુ છો, અને ધીર બુદ્ધિવાળા છો માટે પૂછું છું. કાકભુશંડી બોલ્યા હે તાત ગરૂડજી! હું આ સઘળા વિષયો સંક્ષેપમાં કહું છું તે ધ્યાન દઇને પ્રેમપૂર્વક સાંભળો. ૪

નર સમાન નહિં કવનિહું દેહી જીવ ચરાચર પાવત જેહી;
નરક સ્વર્ગ અપવર્ગ નિસેની, જ્ઞાન વિરાગ ભક્તિ સુખદેની. ૫

મનુષ્ય શરીર સમાન બીજું કોઇપણ શરીર ઉત્તમ નથી. મનુષ્ય શરીર સ્વર્ગ, નર્ક તથા મોક્ષની નીસરણી છે. જ્ઞાન વૈરાગ્ય તથા ભક્તિ આપનારૂં છે. તેથી સઘળા સ્થાવર જંગમ જીવો મનુષ્ય શરીરની માગણી કરે છે. ૫

સોતનુ ધરિ હરિ ભજહિં ન જે નર,હોય વિષયરત મંત મંદતર.
કંચન કાંચ બદલિ શઠ લેહીં, કરતે ડારિ પારસમણિ દેહી. ૬

જે પ્રાણી મનુષ્ય દેહ પામ્યા છતાં હરિનું ભજન કરે નહિ અને વિષયોમાં લંપટ રહે તે નિર્ભાગ્ય છે. મનુષ્ય શરીરને પામી મોક્ષ સુખને માટે યત્ન નહિ કરતાં સ્વર્ગાદિકના સુખને માટે યત્ન કરવા એ તો હાથમાંથી પારસમણિ ફેંકી દઇને મૂર્ખતા કાચના કકડા મેળવવાનો યત્ન કરવા જેવું છે. ૬

નહિં દરિદ્ર સમ દુખ જગમાંહી,સંત મિલન સમ સુખ કછુનાહીં
પર ઉપકાર વચન મન કાયાં, સંત સુભાવ સહજ ખગરાયા,

જગતમાં દારિદ્ર સમાન્ બીજું દુઃખ એકે નથી. તેમજ જગતમાં સંત જનોના સમાગમ સમાન બીજું સુખ એકે નથી. મન વચન તથા કાયાથી પરોપકાર કરવો એ સંતજનોનો સહજ સ્વભાવ છે. ૭

સંત સહહિ દુખ પરહિત લાગી,પરદુખ હેતુ અસંત અભાગી;
ભૂરજ તરૂસમસંત કૃપાલા, પરહિત સહનિત વિપતિ વિશાલા૮

સંતજનો પારકાનું હિત કરવાને માટે પોતે દુઃખોને સહન કરે છે ને અસંત જનો પોતે દુઃખ વેઠીને બીજાને દુઃખ દેવામાં તત્પર રહે છે. જેમ ભોજપત્રનાં વૃક્ષો બીજાને સુખ દેવાને માટે પોતાની છાલ ખેંચવાનું પણ સહન કરે છે તેમ સંતજનો બીજાઓના હિતને માટે મોટી મોટી વિપત્તિઓને પણ સહન કરે છે. ૮

ઇન ઈવ ખલ પરબંધન કરહીં,ખાલ કઢાઈ વિપત્તિ સહિ મરહી
ખલવિનું સ્વાર્થ પર અપકારી, અહિ મૂષક ઇવસુનું ઉરગારી.

જેમ શણના વૃક્ષો પોતાની ખાલ કઢાવીને પણ બીજાઓને બાંધવામાં કારણભૂત થાય છે. તેમ અસંત જનો પોતે અનેક વિપ-

ત્તિઓને સહન કરી તથા છેવટ મરી પૂર દઇને પણ બીજાઓનું ભુંડું કરવામાં કારણભૂત થાય છે. જેમ સર્પો પોતાને કશો લાભ નહિ છતાં પરાયાના પ્રાણ લે છે અને ઉંદરો પોતાનો કશો લાભ નહિ છતાં બીજાનાં વસ્ત્રો કાપી નાંખે છે. ૯

પરસંપદા વિનાશિ નશાહી,જિમિકૃષિ હતિહિમ ઉપલ વિલ:હી
દુષ્ટ ઉદય જગ આરતિ હેતુ, મથા પ્રસિદ્ધ અધમ ગ્રહ કેતુ.

તેમ દુર્જન પોતાનો કશો લાભ નહિ છતાં બીજાઓની સંપત્તિનો નાશ કરે છે. જેમ જેમ બરફના કરાઓ ખેતીનો વિનાશ કરીને પોતે પણ નાશ પામે છે તેમ જગતમાં દુષ્ટ લોકોનો ઉદય પીડાનુંજ કારણ થઇ પડે છે. તેમ કેતુનો ઉદય પીડાનુંજ કારણ થઈ પડે છે. ૧૦

સંત ઉદય સંતત સુખકારી. વિશ્વ સુખદ જિમિ ઇંદુ તમારી;
પરમ ધર્મ શ્રુતિ વિદિતઅહિંસા,પરનિંદાસમ અઘન ગરિસા૧૧

જેમ સૂર્યનો અને ચંદ્રનો ઉદય જગના સુખને માટેજ થાય છે તેમ સંતજનોના ઉદય સર્વદા જગતના સુખને માટેજ થાય છે. વેદમાં પ્રખ્યાત અહિંસારૂપ પરમ ધર્મ સઘળા પુન્યથી અધિક છે, અને પરાઇ નિંદા કરવી એ સઘળાં પાપોથી અધિક પાપરૂપ છે. ૧૧

હરિગુરૂ નિંદક વદુર હોઇ, જન્મ સહસ્સ પાવતજન સોઇ;
દ્વિજ નિંદક બહુ નરક ભોગ કરિ, જગ જન્મેં વાપસશરીરધરિ.

હરિની તથા ગુરૂની નિંદા કરનારો માણસ હજાર જન્મો સુધી દેડકાના અવતારને પામે છે. બ્રાહ્મણોની નિંદા કરનારો માણસ ઘણાં ઘણાં નરકો ભોગવ્યા પછી જગતમાં કાગડાનો અવતાર પામે છે.

સુર શ્રુતિ નિંદક જે અભિમાની, રૈરવ નરક પરહિં તે પ્રાની;
હોહિં ઉલુક સંત નિંદા રત, મોહ નિશા પ્રિયજ્ઞાન ભાનુ ગત.

દેવતાઓની તથા વેદની નિંદા કરનારો અભિમાની માણસ રૈરવ નામના નરકમાં પડે છે. સંત જનોની નિંદા કરવામાં વૃત્તિ રાખનારો માણસ ઘુવડનો અવતાર પામે છે કે જે મનુષ્યને તે અવતારમાં પણ મોહરૂપ રાત્રિમાં પ્રીતિ જ્ઞાનરૂપી સૂર્યમાં અપ્રીતિ હોય છે. ૧૩

સબકી નિંદા જો જન કરહીં, તે જન ગાદર હોઇ અવતરહીં;
સુનહુ તાત અબ માનસ રોગા, જેહિતે દુખ પાવહિ સબલોગા.

જે મૂર્ખ માણસ સર્વની નિંદા કરે છે તે મનુષ્ય વડવાંદરી નામના ઉંધે માથે લટકનારાં પક્ષીનો અથવા છાપાનો અવતાર પામે છે. હે ગરૂડજી! હવે માનસિક રોગો વિષે કહું છું તે સાંભળો—કે જે રોગોથી સર્વ લોકો દુઃખ પામે છે. ૧૪

મોહ સકલ વ્યાધિ ન કર મૂલા, તેહિતે પુનિ ઉપજે બહુ શુલા;
કામ વાત કફ લોભ અપારા ક્રોધ પિત્ત નિત છાતી જારા.૧૫

મોહ સઘળા માનસિક વ્યાધિઓનું મૂળ છે કેમકે એમાંથીજ અનેક પ્રકારનાં દુઃખો ઉત્પન્ન થાય છે; કામ વાયુરૂપ છે, લોભ અપાર કફરૂપ છે, અને ક્રોધ સર્વદા છાતીને બાળનારા પિત્તરૂપ છે. ૧૫



॥ શ્રી રણછોડજીને નમઃ ॥

શ્રી રામ-રસ.

ભાગ ૨ જો.

વાર વાર વર માગવું હર્ષ દીયો શ્રી રામ;
પદ સરોજ અતિ પાવની, ભકિત સદા સતસંગ. સીયા૦
એક મંદમે મોહ વશ, કુટીલ હૃદય અજ્ઞાન;
પુની પ્રભુ મોહ નીસારેઉ, દીનબંધુ ભગવાન. સીયા૦

કીર્તન ૪ થું.

નંદલાલ મેલોને મનના આંબળા,
ભકતી વહાલી લાગી સામળારે વાલા. નંદલાલ.
પેસી પાતાળ પ્રભુ કાળીનાગ નાથ્યો,
તે દહાડાના થયા સામળારે વાલા. નંદલાલ.
પાન્ડવોની તમે પ્રત્માયો પાળી,
લાખા ભુવનમાં ઉગારવારે વાલા. નંદલાલ.
તાતી કઢા તમે શીતળ કીધી,
સુધનવાને ઉગારવારે વાલા. નંદલાલ.
રાજા રાવણને રણમાંરે રોળ્યો,
વીભીષણને રાજ આપવારે વાલા. નંદલાલ.

હરણ્યાંકશ્યપને નખે વધેર્યો
પ્રેલ્હાદને ઉગારવારે વાલા. નંદલાલ.
કુંવરબાઈનાં વાલે મામેરાં પુરયાં,
નરસીની લજ્યા રાખવારે વાલા. નંદલાલ.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
ચરણ કમળ ચીત રાખવારે વાલા. નંદલાલ.

કીર્તન ૫ મું.

તારા ખોટા છે ખારવા વહાણના રે,
બેડી બુડી માયાની મોહ જાળમાંરે. તારા.
સઢ તુટશે ને થાંભલો ભાગશેરે,
તને ઝાઝુ જોખમ વીરા લાગશેરે. તારા.
મધ્ય દરીયામાં વહાણ તારૂં ડુબશેરે,
તારી કાચી કાયાનું વહાણ ભાગશેરે. તારા.
આ જુઠી તે જાણ તારી દેહડીરે,
કેમ તરશે તે તારી જાતડીરે. તારા.
દાસ તુલસી ગોસાઈ એમ બોલીયારે,
કે તરસે હરજનના હેલીઆરે. તારા.

કીર્તન ૬ ઠું.

હરખે હરી ભજી લ્યો રે, આવી તક નહી આવે વળતી,
વીજળી ઝબુકે મોતી પરોઇ લો, મનુષાદેહી નથી મળતી.હરખે.
સંત સમાગમ સંતથી કરીએ, વેગળા રહીએ કરથી, હરખે.

ડાહ્યા થઇને ડહાપણ કરો છો, માયા હીરલે ગળતી. હરખે.
એળે વેળે શીદ ખુવો છો, હારી જાશો ભવથી. હરખે.
કહે દ્વારકો હરી ભજ્યા વીણ, ચોરાસી નથી મટતી. હરખે.

કીર્તન ૭ મું.

હરી ગોકુળીયામાં રાસ રમે હો નંદલાલા,
તમે આવોને મારે આંગણીએ હો નંદલાલા,
તમે કુબજાને ઘેર જાઓ ડોલતારે હો નંદલાલા,
તમે મારી સાથે નથી બોલતારે હો નંદલાલા
મેંતો પેરી તમારી ઘાટડીરે હો નંદલાલા,
હુંતો કયારની જોવું છું વાટડીરે હો નંદલાલા
મારી ઘાટડીનો રાખજો રંગરે હો નંદલાલા,
મને ગમ્યો તમારો સંગરે હો નંદલાલા,
મેંતો પેરી તમારી ચુડીઓરે હો નંદલાલા,
મને પરમ પેલો મુંડીઓરે હો નંદલાલા,
મેંતો ઓઢી તમારી ચુંદડીરે હો નંદલાલા,
હુંતો રાસમાં ફરતી કુદડીરે હો નંદલાલા,
મેંતો પ્રેમે તમારી પુજા કરીરે હો નંદલાલા,
બાવા ભક્તિ તમારી આકરીરે હો નંદલાલા,
મહેતા નરસઇના સ્વામી સાંભળોરે હો નંદલાલા,
તમે મેલોને મનના આંબળારે હો નંદલાલા.

કીર્તન ૮ મું.

મારા વાલારે વંદ્રાવનની વાટે વેલા આવજો,
મારા વાલારે પ્રેમીજનને પ્રેમ કરી બોલાવજો,
મારા વાલારે પ્રેમીજનનાં હૈડાં તો હરખે ભર્યાં,

મારા વાલારે તે દેખીને ચીતડાં મારાં ત્યાં ઠર્યાં,
મારા વાલારે જુમનાજીની અખંડ આરતી થાય છે,
મારા વાલારે દર્શન કરવા નરનારી સૌ જાય છે,
મારા વાલારે ગોરધન ઉપર ગોધન ચારવા જાય છે;
મારા વાલારે મૈયારીનાં મૈડાં લુટી ખાય છે,
મારા વાલારે વ્રજની નારી ઠપકો દેવા જાય છે,
મારા વાલારે જસોદા માતા સોટી લઇને ધાય છે,
મારા વાલારે વંદ્રાવનમાં અખંડ રાસ રમાય છે,
મારા વાલારે નટવરજી નાચે ને ગોપીઓ ગાય છે,
મારા વાલારે વંદ્રાવનમાં મીઠી મોરલી વાય છે,
મારા વાલારે માધવદાસ બલીહારી જોવા જાય છે,

પ્રીતિ કરહિં જો તીનોં ભાઇ ઉપજૈ સન્નિપાત દુખદાઇ;
વિષય મનોરથ દુર્લભ નાના, તે સબ શુલ નામકો જાના. ૧૬

કામ, લોભ અને ક્રોધ એ ત્રણે ભાઈઓ જો પરસ્પર પ્રીતિ કરીને એકઠા થાય તો તેઓથી મહા દુઃખદાયી અહંમમતા રૂપી સન્નિપાત ઉત્પન્ન થાય છે. દુર્લભ વિષયોના જે અનેક પ્રકારના મનો-રથો થાય છે તેઓ સર્વ પ્રકારનાં શૂળો છે. એ શૂળો અનંત હો-વાથી તેઓનાં નામો કોણ જાણી શકે? ૧૬

મમતા દદ્રુ કંડુ ઇરષાઈ, કુષ્ટ દુષ્ટ તામસ કુટિલાઈ;
અહંકાર જો દુખદ ડહરૂઆ, દંભ કપટ મદમાન ન હરૂઆ. ૧૭

મમતા છે તે દાદર રૂપ છે. ઈર્ષા છે તે ખરજ રૂપ છે. દુષ્ટતા અને કુટિલતા તે કોઢરૂપ છે. જે અહંકાર છે તે અતિ દુઃખદાયી જલંદર રૂપ છે. જે દંભ, કપટ, મદ તથા માન રૂપ છે તેઓ વાળાઓ રૂપ છે. ૧૭

તૃષ્ણા ઉદર વૃદ્ધિ અતિ ભારી, ત્રિવિધ ઈષણા તરૂણ તિજારી;
જુગ વિધિ જ્વર માસર અવિવેકા કહં લગિ કહો કુરોગ અનેકા

જે તૃષ્ણા છે તે અત્યંત ભારે ઉદરવૃદ્ધિ નામના રોગ રૂપ છે જે પુત્રની, ધનની તથા પ્રતિષ્ઠાની ઇચ્છા છે તે તાજા એકાંતરિયા તાવ રૂપ છે. જે મત્સર તથા અવિવેક છે તેઓ બન્ને દોષોથી થએલા જ્વર રૂપ છે. હે ગરૂડજી! માનસિક રોગો અનેક છે માટે ક્યાં સુધી નામો આપું? ૧૮

દોહરો.

એક વ્યાધિને નર મરહિ, યે અસાધ્ય બહુ વ્યાધિ;
સંતત પીડહિ જીવ કહાં, સો કિમિ લહહિં સમાધિ. ૧

માણસ એક રોગથી પણ મરી જાય છે ત્યારે આ તો ઘણા રોગો છે અને વળી અસાધ્ય છે માટે તેઓ વિષે તો કહેવુંજ શું? આ રોગોથી જે હમેશાં પીડાયા કરતો હોય તે માણસ ઇશ્વરનું ધ્યાન કેમ કરી શકે? અને સુખ કેમ પામે? ૧

નેમ ધર્મ આચાર તપ જ્ઞાન યજ્ઞ જપ દાન;
ભેષજ પુનિ કોટિન્હ નહિ, રોગ જાહિ હરિવાન. ૨

હે ગરૂડજી! નિયમો, ધર્મો આચાર, તપ, જ્ઞાન, વ્રત તથા દાન એ રૂપી કરોડો ઔષધો કરતાં છતાં પણ આ રોગો ટળે એવા નથી. ૨

ચોપાઇ.

યહિ વિધિ સકલ જીવ જગ રોગી શોક હર્ષ ભય પ્રીત વિયોગી
માનસ રોગ કછુક મૈં ગાયે,હૈં સબકે લખિ વિરલન્હિ પાયે ૧

આ પ્રમાણે જગતમાં સઘળા જીવો રોગોથી પીડાયેલા છે કે જે રોગોની પછવાડે શોક, હર્ષ, ભય તથા વિયોગ તેઓ લાગેલાજ

છે આ થોડાક માનસિક રોગો મેં કહ્યા. આ રોગો જો કે સર્વને છે તો પણ તેઓને કોઈકજ ઓળખે છે. ૧

જાનેતે છીજહિં કછુ પાપી, નાશ ન પાવહિં જન પરિતાપી
વિષય કુપથ્ય પાઈ અંકુરે, મુન્હિ હૃદય કાનર બાપુરે. ૨

લોકોને પરિતાપ આપનારા એ દુષ્ટ રોગો ઓળખાયાથી કાંઈક ઓછા થાય છે, પણ નિર્મળ તો થતાજ નથી. એ દુષ્ટ રોગો વિષય રૂપી કુપથ્યને લીધે મુનિઓના હૃદયમાં પણ અંકુરિત થાય છે તો બિચારાં માણસોની તો વાતજ શી કરવી? ૨

રામકૃપા નાશહિં સબ રોગા, જો ઇહિ ભાતિ બને સંયોગા;
સદ્‌ગુરૂ વઈદ વચન વિશ્વાસા, સંયમ હયન વિષયકી આશા. ૩

જો નીચે લખેલા સંયોગ બને તો રામચંદ્રજીની કૃપાથી એ સઘળા રોગો નાશ પામે છે. સદ્‌ગુરૂ રૂપી વૈદ્યના વચન ઉપર પૂરો વિશ્વાસ રાખવામાં આવે. વિષયોની આશા ન રાખવામાં બરાબર પથ્ય પાળવામાં આવે. ૩

રઘુપતિ ભક્તિ સજીવન મૂરી, અનોપાન શ્રદ્ધામતિ રૂરી;
યહિ વિધિ ભલે કુરોગ નશાહીં, નહિંતો યતન કોટિ નહિ જાહીં.

અને રામચંદ્રજીની ભક્તિરૂપી અમૃતૌષધી શ્રદ્ધારૂપી અનુપાનની સાથે પીવામાં આવે તોજ આ તમામ દુષ્ટ રોગોનો નાશ થઈ જાય છે. એ વિના બીજા કરોડો યત્નોથી પણ ટળતા નથી. ૪

જાનિય તબ યહ વિરૂજ ગુસાંઇ, ઉર બલ વિરાગ અધિકાઈ;
સુમતિ ક્ષુધા બાઢે નિત નઇ, વિષય આશ દુર્બળતા ગઇ. ૫

જ્યારે મનમાં વૈરાગ્યરૂપી બળ પરિપૂર્ણ થયેલું જોવામાં આવે, સુમતિ ક્ષુધા નિત્ય નવી નવી વધવા લાગે અને વિષયોની આશા-

રૂપી દુર્બળતા તમામ ટળી જાય ત્યારે જાણવું જે મન રોગ-
મુક્ત થયું છે. ૫

વિમલ જ્ઞાન જલપાર અન્હાઈ, તબ રહ રામ ભક્તિ ઉરછાઈ;
શિવ અજ શુક સનકાદિક નારદ,જે મુનિ બ્રહ્મ વિચાર વિશારદ ૬

મન જ્યારે આ પ્રમાણે રોગથી મુક્ત થઇ નિર્મળ જ્ઞાનરૂપી જળનું સંપાદન કરી સ્નાન કરે ત્યારે એમાં રામચંદ્રજીની ભક્તિ છાઇ રહે છે. હે ગરૂડજી! શિવ, બ્રહ્મા, શુકદેવજી, નારદજી અને સનકાદિક મુનિઓ કે જેઓ બ્રહ્મવિચારમાં પ્રવિણ છે. ૬

સબકર મત ખગનાયક એહા, કરિય રામપદ પંકજ નેહા;
શ્રુતિ પુરાણ સદગ્રંથ કહાહી, રઘુપતિ ભક્તિ વિના સુખ નાંહીં

તે સર્વનો સિદ્ધાંત એ છે કે, રામચંદ્રજીના ચરણારવિંદોમાં પ્રીતિ કરવી. શ્રુતિઓ, પુરાણો તથા બીજા સગ્રંથો પણ એમજ કહે છે કે રામચંદ્રજીની ભક્તિ વિના સુખ મળતું નથી. ૭

કમઠ પીઠ જામહિ વરૂવારા, વંધ્યા સુત વરૂ કંહુહિં મારહ;
ફુવહિ નભ વરૂ બહુ વિધિફુલા, જીવનલહ સુખ પ્રભુ પતિકુલા

કદાચ કાચબાના પીઠપર રોમાવળી જામે, વાંઝણીનો પુત્ર કોઇને મારી નાંખે અને આકાશમાં અનેક પ્રકારના ફુલો ઉગીને પ્રફુલિત થાય તોપણ પ્રભુથી વિમુખ રહેનારને કદી સુખ મળે નહિ ૮

તૃષા જાઈ વરૂ મૃગજલ પાના, વરૂ જામહિં શશશીશ વિષાના,
અંધકાર વરૂ રવિહિં નશાવે, રામવિમુખ સુખ જીવ ન પાવે;
હિમતે પ્રગટ અનલ વર હોઈ, વીમુખ રામસુખ પાવત કોઇ. ૯

કદાચ ઝાંઝવાનાં જળથી તરસ મટે, સસલાના માથાપર શીંગડું જોવામાં આવે, અને અંધકાર સૂર્યનો નાશ કરી નાંખે તોપણ રામચંદ્રજીથી વિમુખ રહેનારો કોઈ જીવ કદી સુખ પામેજ નહિ. ૧૦

હાય બરફમાં અગ્નિ પ્રગટ થાય તોપણ રામચંદ્રથી વિમુખ થનારો કોઈ જીવ કદી સુખ પામેજ નહિ. ૯

દોહરો.

વારિ મથે વરૂ હોઈ ધ્રત, સીકતા તે વરૂ તેલ;
વીનુ હરી ભજન ન ભવ તરીય, યહુ સીદ્ધાંત અપેલ. ૩

કદાચ પાણીને વલોવવાથી ઘી મળે અને રેતીને પીલવાથી તેલ મળે તોપણ હરિભજન વિના કદી સંસારને તરી શકાય નહિ. એ નિરપવાદ સિદ્ધાંત છે. ૧૯૩

મશકહીં કરહીં વીરંચી પ્રભુ, અજહીં મશકને હીન;
અસ વીચાર તજ સંશય, રામહિં ભજહીં પ્રવીન.

પ્રભુ મચ્છરને પણ બ્રહ્મા બનાવી શકે છે અને બ્રહ્માને પણ મચ્છરથી ન્યુન બનાવી શકે છે. એમ વિચારી સંશયને છોડી દઇ પ્રવીણ લોક રામચંદ્રજીને ભજે છે. ૧૯૪

શ્લોક.

વીનીશ્ચીંત વદામી તે ન અન્યથા વચાં સી મે
હરી નરા ભજંતી યેતી દુસ્તરં તરંતી તે ૧

હું તમને પાકા નિશ્ચય ભરેલી વાત કહું છું અને મારા વચનો કદી પણ જુઠાં પડતાં નથી કે જે માણસો હરિને ભજે છે તેઓજ આ અતિ દુરતર સંસારને તરી જાય છે. ૧

ચોપાઈ.

કહેઉં નાથ હરી ચરીત અનુપા વ્યાસ સમાન સ્વમતિ અનુરૂપા;
શ્રુતી સીદ્ધાંત ઇહેઉરગારી, રામ ભજીય સબ કામ વીસારી.૧

હે સ્વામી ગરૂડજી ! મેં રામચંદ્રજીનું અનુપમ ચરિત્ર મારી

બુદ્ધિ પ્રમાણે વિસ્તારથી તથા સંક્ષેપથી કહ્યું વેદનો સિદ્ધાંત એ છે, કે સઘળી કામનાઓને વિસારી મૂકીને રામચંદ્રજીનું ભજન કરવું. ૧

પ્રભુ રઘુપતી તજિ સેઈય કાહી, મોસે શઠપર મમતા જાહી:
તુમ વીજ્ઞાન રૂપ નહી મોહા, કીન્હ નાથ મોપર અતી છોહા

પ્રભુ રામચંદ્રજી કે જેને મારા જેવા શઠ સેવક ઉપર મમતા છે તેમને છોડી દઈને કોને ભજીએ? તમે સાક્ષાત વિજ્ઞાન રૂપ પરમાત્માજ છો માટે તમને મોહ હોવો સંભવેજ નહિ. તમે તો મારા પર દયા કરવાને માટે અહીં આવ્યા છો. ૨

પુછેઉં રામકથા અતિ પાવનિ, શુક સનકાદિ શુભ મન ભાવની;
સત સંગતી દુર્લભ સંસારા, નીમીષ દંડ ભરીએ કોવારા. ૩

રામચંદ્રજીની અતિ પવિત્ર કથા જે શુકદેવજી, સનકાદિક તથા મહાદેવજીનાં અંતઃકરણોને પણ પ્યારી છે તે અહીં તમે મને પુછી, સંસારમાં એક દિવસભર, એક ઘડીભર, છેવટ એક નિમિત પણ સત્સંગ મેળવવો દુર્લભ છે. ૩

દેખ ગરૂડ નીજ હ્રદય વીચારી, મેં રઘુવીર ચરણ અધીકારી;
સકુનાધમસબભાંતીઅપાવન, પ્રભુ મોહિકીન્હ વીદિતજગપાવન

હે ગરૂડજી! તમે પોતાના હ્રદયમાં વિચાર કરો જુઓ કે હું રામચંદ્રજીનું ભજન કરવાને અધિકારી છું? નથીજ. હું તો પક્ષીઓમાં અધમ અને સર્વ પ્રકારે અપવિત્ર કાગડો છું તેને પણ પ્રભુએ પ્રસિદ્ધ રીતે જગત પવિત્ર બનાવી દીધો છે. ૪

દોહરો.

આજ ધન્ય મેં ધન્ય અતિ, યદ્યપી સબ વીધી હીન;
નીજ જન જાની રામ મોહિ, સંત સમાગમ દિન. ૫

જો કે હું સર્વ પ્રકારથી હીન છું તો પણ આજ ધન્ય થયો

શું, કેમકે રામચંદ્રજીએ મને પોતાનો દાસ જાણીને સંતને સમાગમ આપ્યો. ૧૯૫

નાથ યથા મતી ભાષેઉં રાખેઉ કછુ નહીં ગોઈ;
ચરીત સીંધુ રઘુનાથકે, થાહ કી પાવે કોઈ. ૬

હે નાથ! હે ગરૂડજી! મેં રામચંદ્રજીનું ચરિત્ર મારી બુદ્ધિ પ્રમાણે તમને કહી સંભળાવ્યું. મેં એમાં કશું પણ ગુપ્ત રાખ્યું નથી. રામચંદ્રજીનું ચરિત્ર તો સમુદ્ર જેવું અગાધ અને અપાર છે માટે એવો કોણ સમર્થ છે કે તેનો અંત પામી શકે! ૧૯૬

ચોપાઇ.

સુમીરી રામકે ગુણગણ નાના, પુની પુની હર્ષ ભુશુંડ સુજાના;
મહિમા નીગમ નેતી કહી ગાઇ, અતુલિત બલ પ્રતાપ પ્રભુતાઈ

રામચંદ્રજીના અનેક ગુણોનું સ્મરણ કરીને પવિત્ર કાકભુશંડજી મનમાં વારંવાર હર્ષ પામ્યા અને બોલ્યા કે અતુલિત, બળવાળા અતુલિત પ્રભાવવાળા તથા અતુલિત પ્રભુતાઇવાળા રઘુનાથજીના મહિમાને વેદો પણ નેતિ કરીને ગાય છે. ૪૭

શીવ અજ પૂજ્ય ચરણ રઘુરાઇ' મોપર કૃપા પરમ મૃદુલાઈ;
અસ સુભાવ કહું સુનોત દેખોં, કેહી ખગેશ રઘુપતિ સમ લેખોં.

અને જેમનાં ચરણોને શિવ તથા બ્રહ્મા પૂજે છે તેમણે મારા પર અતિ કોમળતા તથા કૃપા કરી. આવો અતિ સારો સ્વભાવ મેં ક્યાંય કોઇને પણ દીઠો કે સાંભળ્યો નથી. હે ગરૂડજી! હું કોને રામ સમાન લેખું. ૪૮

સાધક સીદ્ધ વીમુક્ત ઉદાસી, કવી કોવિદ વીરકત સંન્યાસી;
જોગી સુર અરૂ તાપસ જ્ઞાની, ધર્મ નીરત પંડીત વીજ્ઞાની.

સાધકો, સિદ્ધો, મુક્ત લોકો, ઉદાસીઓ, કવિઓ, પંડિતો, વિરક્તલોકો, સંન્યાસીઓ, યોગીઓ, દેવતાઓ, તપસ્વીઓ, જ્ઞાનીઓ ધર્માત્માઓ, બુદ્ધિવાળાઓ કે વિજ્ઞાનીઓ. ૪૯

તરહી ન વીનુ સેયે મમ સ્વામી, રામ નમામી નમામી નમામી.
શરણ ગયે મોસે અઘરાશી, હોહિં શુદ્ધ નમામી અવીનાસી.

એ કોઇપણ મારા સ્વામીનું સેવન કર્યા વિના સંસારને તરી શકતા નથી એ મારા સ્વામી રામચંદ્રજીને પ્રણામ કરૂંછું, જેમના શરણ ગયેલા મારા જેવા પાપાત્મક લોકો પણ શુદ્ધ થઇ જાય છે. તે અવિનાશી પ્રભુને પ્રણામ કરૂં છું. ૫૦

દોહરા.

જાસુનામ ભવ ભેષજ, હરણ ઘોર ભય શુલ;
સો કૃપાલુ મોહીં તોહીં પર, સદા રહહીં અનુકુલ.

જેમનું નામ જન્મમરણ રૂપી રોગને ટાળવામાં ઔષધરૂપ છે અને અતિ ઘોર ભયને તથા દુઃખોને હરનારૂં છે તે કૃપાળુ પ્રભુ મારાપર અને તમારાપર સદા અનુકૂળ રહેજો. ૫૧

સુન ભુશંડકે બચન વર, દેખી રાકપદ નેહ;
બોલે પ્રેમ સહિત ગીરા, ગરૂડ વીગત સંદેહ.

હે પાર્વતી! કાગભુશંડજીનાં ઉત્તમ વચનો સાંભળી તથા રામચંદ્રજીના ચરણોમાં તેમનો અપૂર્વ સ્નેહ જોઇ સર્વ સંદેહોથી રહિત થએલા ગરૂડજી પ્રેમ સહિત વાણી બોલ્યા. ૫૨

ચોપાઇ.

મૈં કૃત કૃત્ય ભયઉં તવ વાની, સુની રઘુવીર ભક્તિ સાની;
રામચરણ નુતન રતિભઇ,માયા જનીત વીપતી સબ ગઇ.૫૩

રામચંદ્રજીની ભક્તિ રસથી ભરેલી આપની વાણી સાંભળવાથી હું કૃતાર્થ થયો છું. આપની વાણીથી મને રામચંદ્રજીના ચરણોમા નવીન પ્રીતિ ઉત્પન્ન થએલી મારી સઘળી વિપત્તિઓ ટળી ગઈ છે. ૫૩

મોહ જલધી વોહિત તુમ ભયઉ, મોકહું નાથ વીવીધ સુખદયઉ;
મોસેન હોઈ ન પ્રત્યુપકારા વંદાં તવ પદ વારહિ વારા. ૫૪

હે નાથ! આપે મોહરૂપ સમુદ્રમાંનેવહાણરૂપ થઇને મને ઘણા પ્રકારનું સુખ આપ્યું છે. મારાથી આપનો શો પ્રત્યુપકાર બની શકે એમ છે. ૫૪

પૂરણ કામ રામ અનુરાગી, તુમ સમ તાત ન કોઉ બડભાગી;
સંત બીટપ સરિતા ગીરિધરણી, પરમહીત હેતુ ઇન્હનકી કરણી

હે નાથ! આપથી અધિક બીજો કોઈપણ પૂર્ણકામ રામચંદ્રજીમાં પ્રેમવાળો અને મહા ભાગ્યશાળી નથી. વૃક્ષો, નદીઓ, પર્વતો તથા પૃથ્વી એઓની સઘળી વિપત્તિ પરોપકારને માટેજ છે. તેમ સંત પુરૂષોની સઘળી વિભૂતિ પણ પરોપકારને માટેજ છે. ૫૫

॥ શ્રી રણછોડજી નમઃ ॥

શ્રી રામ-રસ.

ભાગ ૩ જો.

જીવનમુકત મહાત્મા શ્રી સર્યુદાસજી.

પાટડીમાં વસતા અમદાવાદી પરિખ સંજ્ઞાધારક કુલીન આ જીવનમુકત મહાત્માનો જન્મ થયો હતો. પરોપકાર દયા, દાન, ધર્મ અને મહાત્માઓ પ્રતિ તેમને બાલવયથીજ અસાધારણ પ્રીતિ હતી. તેને લઇને જોકે તેઓ સ્કુલમાં કાળજીપૂર્વક અભ્યાસ કરતા માલૂમ પડતા નહિ તો પણ તેમનું જ્ઞાન ઘણું ઉંચા પ્રકારનું હતું. વિદ્યાભ્યાસ પુર્ણ કર્યા પછી તેમના વડીલોની ઇચ્છાનુસાર તેમણે વ્યાપારી લાઇન લીધી હતી પરંતુ જેને સંસારસાગર અસાર હતો તે ત્યાં પણ સર્વ અસારજ જોતા હતા, એટલે વિરાગી વૃત્તિથી તેમાં પણ તેમને પ્રીતિ થઇ નહીં. પોતાનો બને તેટલો સઘળો વખત તેઓ સંત સમાગમમાં વિતાવવા, શોધી શોધીને મહાત્માઓની સાનિધ્યમાં જતા અને ત્યાંજ તેમની સાથેના સત્સંગમાં ખાનપાનનું ભાન રાખ્યા વિના બેસી રહેતા. તેમની

આવી પ્રવૃત્તિઓને લીધે તેમનું વ્યાવહારિક વર્તન તદ્દન ફીકું લાગતું હતું. તેમના બાળપણામાંજ જ્ઞાતિના રિવાજ પ્રમાણે લગ્ન થઈ ગયાં હતાં એટલે તેમને સંસારમાં તેમની મરજી વિરૂદ્ધ પાડવા પ્રયત્ન થયો હતો. તેમનાં ધર્મપત્ની પણ સાક્ષાત્ મીહીરા (મીરાં) નો પ્રત્યક્ષ અનુભવ કરાવે તેવા-એક મહાત્માના નામને દીપાવે તેવા હોવાથી, તેમને માથે નાખવામાં આવેલી સંસારની ઉપાધિ માત્ર નામનીજ હતી. બંને પતિપત્નિએ જીવનપર્યંત નૈષ્ટિકબ્રહ્મચર્યવ્રત પાળ્યું હતું. એ સાધ્વી બાઇ અલ્પ સમયમાંજ પ્રભુના ચરણકમળમાં પહોંચી ગયાં અને એક સિંહસમાન મહાત્માની મર્યાદાની—નામની વ્યવહારિક સંખલા—બેડી તુટી ગઇ. આવા વિષય પ્રસંગોમાં જેમ એક સાધારણ પુરૂષને મહાવિશાદ (શોક) થાય છે. તેમ તેમને ન થતાં ઉલટી પ્રભુની આવી ઈચ્છાથી તે મનમાં મલકાતા હતા. કુલીન વરનાં ઉપરા ઉપરી માગા થવા લાગ્યા એટલે તેમના વડીલોએ તેમને વીલા ન મુકવા (એકલા પડવા ન દેવા) વિચાર કરવા માંડયો. તેઓ સઘળાની આવી હિલચાલની ખબર પડતાંજ પોતે પીંજરામાંથી મૂક્ત થયેલ કેસરીની માફક અરણ્યમાં ચાલ્યા જવા વિચાર કર્યો. તેમણે પોતાના વડીલોને પોતાની ઇચ્છા જણાવ્યા સિવાયજ તીવ્ર વિરાગને લીધે, પોતાનું જન્મસ્થાન છોડયું અને યથેચ્છ વિચરવા લાગ્યા. તીર્થમાં અટન કરતા કરતાં અનેક મહાત્માઓના સત્સંગનો લાભ લેતા લેતા કેટલાક વખત પછી રાજનગર (અમદાવાદમાં) માં આવ્યા અને એક સ્વામીજી પાસે દીક્ષા લઇ તેમના શિષ્ય થયા.

પુર્વ જન્મના અપુર્ણ સંચીતને અનાયાસે ભોગવવા કોઇ યોગ ભ્રષ્ટયોગ મહાત્માનું જેમ વિચારવું થાય. તેમ તેઓ પોતાની સઘળી પ્રવૃત્તિઓમાં રહેવા લાગ્યા. પોતે બિલકુલ નિષ્કંચનપણે (દ્રવ્યને સ્પર્શ પણ કરતા નહિ) રહેતા હતા તોપણ તેમના પરોપકારી ગુણો આવી સ્થિતિમાં પણ પ્રકાશમાન હતા. તેમનો સદ્બોધ સાંભળવા આવનારા મુમુક્ષુજનો તેમના નામે નિત્ય નિયમીત રીતે તેમના આશ્રમસ્થાન પર પરમાર્થ કરતા હતા. અનેક અપંગ, સાધુસંત અને કોઇ પણ પ્રકારનો યાચક એ કલ્પવૃક્ષ સમાન મહાત્માના આશ્રમ સ્થાનપરથી અપૂર્ણ ઇચ્છાએ નિરાશ થઇ પાછો ફરતો નહિ. કલ્પવૃક્ષ જેમ પોતાનો આશ્રમ કરનારને ઇચ્છીત વસ્તુ આપે છે, તેમ તેઓશ્રી પણ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સુદ્ધાંતનું સદાવ્રત્ત બાંધી બેઠા હોય તેમ પ્રત્યક્ષ ભાન થતું હતું. બ્રહ્મજ્ઞાન રૂપ સર્વોત્તમ દાનનો તો ત્યાં નિશદિન અસ્ખલીત પ્રવાહ—મહાનંદ વહ્યાંજ કરતો હતો, ત્યાં શું કંમીના રહે? અમદાવાદની વ્યવહાર લુપ્ત પ્રજાને તેમણે એવી ચેતાવી હતી કે. એક હલકામાં હલકા વર્ગથી ઉત્તમ વર્ગના સાધારણ તેમજ ગૃહસ્થો હજારોની સંખ્યામાં સૂર્યોદય પહેલા તેમના સદબોધનુ પાન કરવા આશ્રમપર એકઠા થતા હતા, શાંતિનું તો ત્યાં સર્વાંશે સામ્રાજ્ય પ્રવર્તી રહેતું હતુ, તેઓશ્રીનો સર્વ દેશી ઉપદેશ સહુને પરમ પ્રિય થઇ પડયો હતો. ખંડનમંડનનું તો નામ નિશાન હતુંજ નહિ. તેમની આવા પ્રકારની નિષ્પક્ષપાત અને સામાન્ય સ્નેહ દ્રષ્ટીથી કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર આદિના નાશનો પ્રત્યક્ષ

અનુભવ થતો હતો, એ રીતે તદ્દન જીવનમુક્ત દશાનો આનંદમાં વિલસતા અને ભક્તજનોને વિલસાવતા તેઓ નિત્ય નિયમીત સદ્બોધ આપતા હતા. परोपकाराय सतां विभूतया સતપુરૂષોનું જીવન પરોપકારને માટેજ હોય છે. તેમ સંસાર યાત્રા પરિપૂર્ણ કરી લગભગ સીત્તેર વર્ષની વયે સં. ૧૯૬૮ ના કારતક વદ ત્રીજના દિવસે ભક્તોને ક્ષણભર મોહવશ કરી ઇચ્છાનુસાર સ્થુલને પરહરી મોક્ષપદારૂઢ થયા. તેઓશ્રીના અગ્ની સસ્કાર વેળા અમદાવાદ શહેરના તમામ હિંદુ સદ્ગૃહસ્થો વગેરેએ મળી લગભગ વીશ હજારની મોટી સંખ્યામાં ભાગ લીધો હતો, તેમના નિર્વાણ પછી હજારો રૂપીઆનો તેમના નામે તેમના અનુયાયીઓએ ધમાદા કર્યો. જ્ઞાનબળવડે ભક્તોના અંધકારનો નાશ કરનાર સૂર્યસમાન મહાત્મા શ્રી સર્યુદાસજી કણબી જ્ઞાતિને અને તેમન અનેક પેઢીઓને ઉજ્વલ કીર્તિ પમાડી સંસાર છોડી ગયાં. તેમનાં સગાં વ્હાલાં, જ્ઞાતિજનો અને તેમના દર્શન કરનાર સર્વનાં અહોભાગ્ય છે. પરમકૃપાળુ પરમાત્મા કણબી જ્ઞાતિના ઉદ્ધાર માટે એવા સર્યુદાસજીનો જ્ઞાતિમાં વારંવાર પ્રાદુર્ભાવ કરાવે તેવી અમારી તે દિનબંધુ પ્રભુને નમ્ર વિનંતી છે.

કીર્તન ૯ મું.

પીયાણાને પહોંચ્યાંરે તેડાં તતખર થયાંરે,
હવે અમે જાશું અમારે દેશજો;
જેશ્રી કૃષ્ણ કહેજો રે જો કોઇ અમને ઓળખેરે;
જેને હોય ભક્તિ તણો ઉપદેશ. પીયાણાને.

કડવા જ્ઞાતીમાંરે દીવો પ્રગટીયાર,
પ્રભુ પદને પામ્યા નીરધારજો;
વેર નથી વાસ્યાંરે સહુની સાથે વહાલ છેરે;
નીરગુણ સીરગુણ કબીરાને નાથજો. પીયાણુંને
કહીએ સંવત દશ નવ ઓગણીરે,
વરસતો અડસઠનો કહેવાયજો;
આસો ઉતરતાં ને કારતક બેસતાંરે,
શ્રી પક્ષ તીથી તીજને ગુરૂવારજો. પીયાણુંને
બ્રહ્મ મુરતમાં વેમાન આવીયાં રે,
ગુરૂ હલમલ કરી બેઠા માંહજો;
સુદ ગુરૂવારના પહેલા પહોરમાં રે;
હાંરે નામ સરજુ પધાર્યાં સધામજો. પીયાણુંને,
હાંરે જીવ અર્ધા તાર્યા ગુજરાતનારે;
પામ્યા સત ગુરૂનો પ્રતાપજો;
ભવ ભય ભાગ્યાં તે નામ નીરભય થયાંરે;
ટળી ગયા તનના ત્રીવીધી તાપજો. પીયાંણુંને
સગાંને સંબધીરે તમે હળીમળી ચાલજો;
તો તો પામશો વૈકુંઠ ધામજો;
એણી પેર હરીજન તમને વીનવું રે,
હરખે ગાયા દાસના દાસરે. પીયાણુંને

કીર્તન ૧૦ મું.

ભરૂસાના નાથ છો તમે ભેરૂ, એક અરજ વાલા મારી એ છે;
મારે માથે જે કાળનો ભે છે; દહાડી સંભાળતાં દુઃખ દેછે. ભ.

જગજીવન જાનકી નાથ, પલ પલે ઈચ્છું વાલા સાથ,
છતે નાથે કહેવાયે અનાથ ભરૂસા.
વાલા પ્રહુલાદ ભકતના સારૂં, મારા નાથે નૃસીંહ રૂપ ધર્યું;
અંગ હીરણ્યકશ્યપનું વીદાર્યું ભરૂસા.
અજામેલ અધર્મી ઓધાર્યો, સુત નારાયણ નામ પુકાર્યો;
તન તજતામાં તેરે તાર્યો, ભરૂસા.
તાતી તેલ કઢાથી તાર્યો, પોતે જઈને સુધન્વા ઉગાર્યો;
નાથ મારો સો વાંક વીસાર્યો. ભરૂસા.
મહેતા નરસાઈની હુંડી વખાણી, નાતી વેળા આપ્યાં પાણી,
મામેરૂં પુર્યું તે પ્રીતે પીછાણી; ભરૂસા.
અનેક ભકતોને કરૂણા કીધી, વાલે નીરમળ નામના કીધી;
કહોને લાંચ પ્રભુ કોની લીધી. ભરૂસા.

કીર્તન ૧૧ મું.

તાળી પાડીને રામનામ બોલજોરે,
ત્યારે અંતરના પડદા ખોલજોરે. તાળી.
જેમ ખેતરમાં દાણા થાય છે રે,
તેને સુડા આવીને ખાય છે રે. તાળી.
તાળી પાડે કે તરત ઉડી જાય છે રે,
આ દેહરૂપી દાણા ખાય છે રે. તાળી.
પાપ રૂપી પંખી પરમાણજો રે,
તેને તાળી પાડીને ઉડાડજોરે. તાળી.
નીત પ્રીતે હરી ગુણ ગાય છે રે,

ચૌદ લોકનો નાથ ખુશી થાય છે રે.,   તાળી.
તેનો વૃથા જન્મ વહી જાય છે રે,
કૃપીરાજ ભજનમાં ગાય છે રે.   તાળી.

કીર્તન ૧૨ મું.

બાનાની પત પ્રભુ રાખીએરે, બાનાની પત પ્રભુ રાખો મારાવાલા
બાના માટે દુઃખ દેશોરે, કોણ જપે તમારો જાપ મારાવાલા.
પ્રહેલાદ કેરે કારણેરે, સ્થંભમાં પુર્યો શ્વાસ મારાવાલા   બા.
નાની કઢા સીધીરે કીધી, સુધનવાને કાજ મારાવાલા,   બા.
રોહીદાસની પાંતીલી લીધીરે, ના જોઈ જાતને ભાત મારાવાલા.
પંચાળીના પટકુળ પુરીયાંરે, રાખી સભામાં લાજ મારાવાલા.
ઝેરના અમૃત કીધાંરે, આપ્યા મીરાંને હાથ મારાવાલા   બા.
મહેતાને મંડળીકે ઘેરીયારે, કેદારો લાવ્યા મધરાત મારાવાલા.
અનેક ભકતોને તારીયારે, ત્યારે દ્રઢ આવ્યો વિશ્વાસ મારાવાલા.
તુલસીના સ્વામીને કરજોડીયારે, પુરા અંતરની આશા મારા
વાલા. બાનાની.

કીર્તન ૧૩ મું.

સંસારના આ ધામમાં વિશ્રામ તે ઘડી ચારનો
ઉંચો ન આવ્યો કામથી આરામ ના પળવારનો
આળસ તજીદે તું સજી તજી તંત આ સંસારનો
જવું જરૂર પડશે તુને ડંકો થતાં દરબારનો.

કીમતી અમુલ્ય રત્ન.

આયુષ્ય એવી ચીજ છે કે કરોડો સુવર્ણ મોહોર આપ્યા છતાં પણ આયુષ્ય મળતું નથી, મહારાજા ભર્તૃહરિએ કહ્યું છે, તે સો વર્ષના આયુષ્યના હિસાબથી કહ્યું છે, પરંતુ હાલ તો આપણાં ઘોર પાપ અને અયોગ્ય વર્તનથી આયુષ્ય કમતીમાં કમતી અને વધારે-માં વધારે અનુમાન હીસાબે ૬૦–૨–૨૦ દીવસનું થઈ ગયું છે તે નીચે પ્રમાણે આયુષ્યનો હિસાબ.

બાલ્યાવસ્થા—ત્રણ વર્ષ બાલ્યાવસ્થામાં જાય છે.

નિદ્રા—દરરોજ આઠ કલાકના હીસાબે આખા આયુષ્યમા ૨૦ વર્ષ નિદ્રામાં જાય છે.

વિદ્યા—દશ વર્ષથી ત્રીશ વર્ષ સુધી દરરોજના દશ કલાકના હિસાબે ૮ વર્ષ પાંચ મહીના જાય છે.

વ્યાપાર, નોકરી—ત્રીશ વર્ષથી સાઠ વર્ષ સુધી દરરોજના આઠ કલાકના હીસાબે દસ વર્ષ જાય છે.

શૌચ—અર્ધા કલાકના હીસાબે એક વર્ષ ત્રણ મહીના જાય છે

દાતણ કરવા—દસ વર્ષથી સાઠ વર્ષ સુધી દસ મીનીટના હીસાબે પાંચ મહીના પાંચ દીવસ જાય છે.

સ્નાન—અર્ધા કલાકના હીસાબે એક વર્ષ ત્રણ મહીના જાય છે.

ભોજન—એક કલાકના હીસાબે આખા આયુષ્યમાં બે વર્ષ ૭ મહીના જાય છે.

હરવું ફરવું—વાત ચિત, નાટક તમાસા, વ્યર્થ વાતચિત વિગેરે રોજના બે કલાકના હીસાબે પાંચ વર્ષ જાય છે.

રોગ—હરરોજના બે કલાકના હીસાબે પાંચ વર્ષ આખા આયુષ્યમાંથી જાય છે.

ગૃહકાર્ય—ત્રીસ વર્ષમાં સાઠ વર્ષ સુધી એ કલાકના હીસાબથી બે વર્ષ ૭ મહીના જાય છે.

એકંદર ૫૯ વરસ ૧ માસ ૫ દિવસ.

આ હીસાબથી ૫૯ વરસ એક માસ પાંચ દીવસ કેવળ સાંસારીક પ્રપંચો અને મોજમજાહમાં ચાલ્યા ગયા ભાઇઓ ! એથી વિચાર કરવાનો છે કે પરમાત્માનું ભજન દશ વર્ષથી લઈ સાઠ વર્ષ સુધી રોજ ૦ાા કલાક ભજન કરીએ તો સાઠ વર્ષમાં એક વર્ષ પંદર દીવસ પરમાત્માનું ભજન કીર્તન, સ્મરણ, પુજન આદિમાં જાય તો ૬૦ વર્ષ બે મહીના ૨૦ દીનની તમામ જીદંગીની સફળ છે, નહી તો તમામ ટાઈમ ફોકટ અને વ્યર્થ જતો રહે છે.

આપનો શુભચિંતક.

પવિત્રક્ષેત્ર શ્રી કાશી નિવાસી વ્યાખ્યાન વાનસ્પતિ શ્રીમાન સ્વામી શ્રી શંકરાનંદ સરસ્વતી, સનાતન ધર્મોપદેશક મેહેતાના જય શ્રી હરી.

નહિ વિદ્યા નહિ બાહુબલ, નહિ ખરચકા દામ;
મ્હોસે પતીત નીભાવીએ, દીન બંધુ ભગવાન. સીયા૦
શ્રવણુ સુયસે સુનીઆય હું, પ્રભુ ભજ ભય હીર;
ત્રાહી ત્રાહી આરતી હરણું, શરણુ સુપદ રઘુવીર. સીયા૦
સરોવર હંસા જીું જપે, ધનકુ જપે જીમી મોર,
હમ તુમકું એસેં જપે, જેસે ચંદ્ર ચકોર. સીયા૦

સંત હ્રુદય નવનીત સમાના, કહા કવીત પૈકહીન જાનાં;
નીજ પરીતાપ દ્રવે નવનીત, પરદુખે દ્રવહી સુત પુસંનીતા.

સંત જનનું હૃદય માખણ જેવું કોમળ હોય છે એમ કવિઓએ કહ્યું છે, પણ એ કવિઓએ કદી એમ જાણ્યું નથી કે માખણ પોતાના તાપથી તપે છે અને સંત જનોનું ચિત્ત માખણથી પણ અધિક કોમળ છે. ૫૫

જીવન જન્મ સફલ મમ ભયઉ, તમ પ્રસાદ સંશય સબ ગયઉ;
જાનેહું મોહિં સદા નિજ કીંકર, પુની પુની ઉમા કહે વીહંગ વર

આપની કૃપાથી મારૂં જીવતર સફળ થયું છે અને સઘળો સંશય ટળી ગયો છે. મને સર્વદા આપનો દાસજ સમજો. હે પાર્વતી! એ રીતે ગરૂડજીએ વારંવાર કહ્યું. ૫૬

દોહરા.

તાસુ ચરણ શીર નાઈ કરી, પ્રેમ સહીત મતી ધીર;
ગરૂડ ગયો વૈકુંઠ તબ, હ્રુદય રાખી રઘુવીર. ૯

પછી ધીર બુદ્ધિવાળા ગરૂડજી કાગભુશંડજીના ચરણોમાં પ્રેમ સહિત માથું નમાવી હૃદયમાં રામચંદ્રજીને રાખી લઇને વૈકુંઠમાં ગયા. ૯

ગીરીજા સત સમાગમ, સમન લાભ કછુ આન;
વિનુ હરિ કથા હોઇ નહીં, ગાવહીં વેદ પુરાન. ૧૦

હે પાર્વતી! જગતમાં સંત જનોના સમાગમ જેવો બીજો કોઇ પણ લાભ નથી. એ લાભ રામચંદ્રજીની કૃપા વિના મળતો નથી એમ વેદો તથા પુરાણો કહે છે. ૨૦૦

ચોપાઇ.

કહેઉં પરમ પુનીત ઈતીહાસા, સુનત શ્રવણ છુટહીં ભવપાસા;
પ્રણુત કલ્પતરૂ કરૂણા પુંજા, ઉપજે પ્રીતી રામપદ કૈજા. ૧

મેં તમને રામચંદ્રજીનો આ પરમપવિત્ર ઇતિહાસ કહી સંભાળ્યો કે જેનું શ્રવણ થતાંજ સંસારરૂપી પાપ છુટી જાય અને ભક્ત જનોના કલ્પવૃક્ષ તથા કરૂણાના પુજનરૂપ રામચંદ્રજીના ચરણોમાં પ્રીતિઉપજે. ૧

મન વચન કર્મ જનીત અઘ જાઇ, સુને જો કથા શ્રવણ મન લાઇ;
તીર્થ અટન સાધન સમુદાઇ, યોગ વીરાગ જ્ઞાન નીપુણાઇ. ૨

જો કાનને તથા ચિત્તને બરાબર લગાવીને આ કથાનું શ્રવણ કરવામાં આવે તો મન, કર્મ તથા વચનથી થયેલા પાપો નાશ પામી જાય છે. તીર્થયાત્રાઓ, અષ્ટાંગ યોગ વૈરાગ્ય ને બ્રહ્મવિદ્યામાં નિપુણતા આવે છે. ૨

નાના કર્મ ધર્મ વ્રત દાના, સંયમ નીયમ યજ્ઞ જપ નાના;
ભૂત દયા દ્વિજ ગુરૂ સેવકાઇ, વીદ્યા વીનય વીવેક બડાઈ. ૩

અનેક પ્રકારના યજ્ઞાદિક કર્મો ધર્મો, વ્રતો, દાનો, સંયમો નિનમો પૂજનો તથા જપો પ્રાણીઓની ઉપર દયા બ્રાહ્મણોની તથા ગુરૂની સેવા વિદ્યા વિનય અને મોટો વિવેક વિગેરે તેનામાં આવે છે. ૩

જહં લગી સાધન વેદ વખાની, સબ કર ફલ હરી ભકિત ભવાની
સોઇ રઘુનાથ બકતી શ્રુતિ ગાઇ, રામ કૃપા કાહું યહ પાઇ.૪

એ વગેરે સાધનો જે વેદમાં કહેલાં છે તેઓનું ફળ પ્રભુની ભકિતજ છે હે પાર્વતી ! વેદોકત પદ્ધતિ પ્રમાણે રામચંદ્રજીની ભકિત કોઇકનેજ રામચંદ્રજીની કૃપાથી મળે છે. ૪

દોહરા.

મુનિ દુર્લભ હરિ ભકિત નર, પાવહિં બિનહિં પ્રયાસ;
જો યહ કથા નિરંતર, સુનહિ માનિ વિશ્વાસ. ૧૧

॥ શ્રી રણછોડજી નમઃ ॥

શ્રીરામ-રસ.

ભાગ ૪ થો.

કીર્તન ૧૪ મું.

સીતારામને ભજીને લાવો લીજી રે, (૨)
મુખે રામકૃષ્ણ રામકૃષ્ણ કીજીએરે. સીતા.
તારો અવસર પલ પલ જાય છે રે, (૨)
તારા ઘટમાં બેઠો ખાય છે રે, સીતા.
તારૂ જોબન જાશે ને જરા આવશે રે, (૨)
તને ભાણે ભોજન નહિં ભાવશે રે. સીતા.
તારાં વ્હાલાં વેરી થઇ લાગશે રે, (૨)
તારી દેહ દેખીને દુર ભાગશે રે. સીતા.
કાંઈ ધર્મ કરો તે આડુ આવશે રે, (૨)
તે તો જમના તે માર મુકાવશે રે. સીતા.
કહે રામદાસ સખી નરનારને રે, (૨)
સીતારામને ભજેથી બેડા પાર છે રે. સીતા.

કીર્તન ૧૫ મું.

પ્યારા લાગે છે રઘુવીર મોરી સજની,
વ.લા લાગે છે રઘુવીર મોરી સજની;
રામજીકું સોહીયે કેસરીઆ વાઘા. (૨)
સીતાકુ દક્ષણી ચીર મોરી સજની. પ્યારા.
છોટે છોટે તીરકસ ને છોટી ધનુઇઆ, (૨)
છોટેસે લક્ષમણ વીર મોરી સજની. પ્યારા.
સરજુકે તીરે અયોધ્યા નગરી, (૨)
ચોકીપે હનુમંત વીર મોરી સજની. પ્યારા.
તુલસીદાસ કહે ભજ ભગવાનને, (૨)
ભાગે જનમની ભીડ મોરી સજની. પ્યારા.

કીર્તન ૧૬ મું.

મેંતો હરી ગુણ ગ.વત નાચુંગી, (૨)
નાચુંગી સૈયાં નાચુંગી મેંતો હરી ગુણ.
સબ કામ છોડી મેં ઘરમેં બેઠી, (૨)
ગીતા ભાગવત વાંચુંગી. મેંતો. ૧
જ્ઞાન ધ્યાનકી ગઠડી બાંધકે. (૨)
હરીજન સંગમે રાચુંગી. મેંતો. ૨
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, (૨)
ચરણ કમળ ચીત રાખુંગી. મેંતો. ૩

માણસ જો વિશ્વાસ રાખીને નિરંતર આ કથાનું શ્રવણ કરે તો તેને વિના પ્રયાસે પ્રભુની ભકિત પ્રાપ્ત થાય છે. કે જે ભકિત મુનિઓને પણ દુર્લભ છે. ૧૧

ચોપાઈ.

સોઇ સર્વજ્ઞ ગુણી સબ જ્ઞાતા, સોઇ મહીમંડન પંડીત દાતા;
ધર્મ પ્રવિણ સોઈ કુળ ત્રાતા, રામ ચરણ જાકર મન રાતા.

જે પુરૂષનું મન રામચંદ્રજીના ચરણોમાં મગ્ન થઇ ગયું હોય તેજ જગતમાં સર્વજ્ઞ છે, તેજ ગુણી છે, તેજ જ્ઞાતા છે, તેજ પૃથ્વીના શણગાર રૂપ છે. તેજ પંડિત છે, તેજ દાતા છે, તેજ ધર્માત્મા છે. અને તેજ કુળનો રક્ષક છે. ૧

નીતિ નીપુણ સોઇ પરમ સયાના, શ્રુતિ સિદ્ધાંત નીકતેઇજાના
સોઇ કવિ કોવિદ સોઇ રણધીરા, જો છલ છાંડિ ભજૈ રઘુવીર. ૨

જે પુરૂષ છળને (કામનાઓને) છોડી દઈને રામચંદ્રજીનું ભજન કરે છે તે પુરૂષજ નીતિમાં નિપુણ છે, તે પુરૂષજ પરમ ચતુર છે, તે પુરૂષજ શ્રુતિઓના સિદ્ધાંતને સારી પેઠે જાણનાર છે. તે પુરૂષજ કવિ છે, તે પુરૂષજ વિદ્વાન છે, અને તે પુરૂષજ ધીરજવાન છે. ૨

ધન્ય નારી પતિવ્રત અનુસરી, ધન્ય સો દેશ જહાં સુરસરી;
ધન્ય સો ભૂપ નીતિ જો કરઇ, ધન્ય સો દ્વિજ નિજ ધર્મ ન ચરઇ ૩

હે પાર્વતી ! જે સ્ત્રી પતિવ્રતાના ધર્મ પાળે તેને ધન્ય છે જે દેશમાં ગંગાજી હોય તે દેશને ધન્ય છે, જે રાજા નીતિ પ્રમાણે વર્તતો હોય તે રાજાને ધન્ય છે, તે બ્રાહ્મણને ધન્ય છે કે જે પોતાના ધર્મથી ચળાયમાન થતો ન હોય. ૩

સોધન ધન્ય પ્રથમ ગતિ જાકી, ધન્ય પુણ્ય રત મતિ સોઇ પાકી
ધન્ય ઘરિ સોઇ સતસંગા, ધન્ય જન્મ દ્વિજ ભકિત અભંગા.

તે ધન ધન્ય છે કે જેની દાન, ભોગ અને નાશ એ ત્રણમાંની પહેલી ગતિ થાય, તે બુદ્ધિ ધન્ય છે કે જેને પુણ્યમાંજ પાકી અભિરૂચિ થાય, તે ઘડી ધન્ય છે કે જેમાં સત્સંગ થાય, જન્મ ધન્ય છે કે જેમાં બ્રાહ્મણોની અભંગ સેવા બને. ૪

સો કુળ ધન્ય ઉભા સુત, જગત પુજય સુપનીત;
શ્રી રઘુવીર પરાયણુ, જેહિ નર ઉપજ વિનીત.

હે પાર્વતી ! જે કુળમાં સુશીળ અને વિજયવાળો રામચંદ્રજીનો ભકત જનમ પામે તે તે કુળ ધન્ય છે તથા જગત્પૂજ્ય અને અતિ પવિત્ર છે. ૨૦૨

મતિ અનુરૂપ :કથા મૈં ભાવી, યદ્યપિ પ્રથમ ગુપ્ત કરી રાખી;
તવ મન પ્રીતિ અધિકાઇ, તવ મૈં રઘુપતિ કથા સુનાઈ. ૧

આ કથા મેં મારી બુદ્ધિ પ્રમાણે કહી છે. જો કે પહેલાં મેં આ કથા ગુપ્ત રાખી હતી તો પણ તમારી અધિક પ્રીતિ જોઇને તમનેરામચંદ્રજીની પવિત્ર કથા સંભળાવી છે. ૧

યહુન કહિય શઠ હઠ શીલહિં જો મન લાઈન સુન હરિ લીલહિં
કહિયનલોભિહિ કોધિહિ કામિહિં જોનભજૈસચરાચર સ્વામિહિ

જે માણસ શઠ હોય, હઠવાળો હોય, મન લગાવીને હરિ લીલાનું શ્રવણ કરતો ન હોય, લોભી હોય, ક્રોધી હોય, કામી હોય સ્થાવર જંગમના સ્વામી રામચંદ્રજીનો ભકત ન હોય તેની પાસે આ કથા કહેવી નહિ. ૨

દ્વિજ દ્રોહી ન સુનાઇય કબહુ, સુરપતિ સરિસ હોઇ નૃપ જબહુ
રામ કથાકે તે અધિકારી, જિનકે સત સંગતિ અતિ પ્યારી

જે માણુસ બ્રાહ્મણોનો દ્રોહી હોય તે માણુસ જો કે ઇંદ્ર જેવો મોટો રાજા હોય તોપણુ તેને કદી પણુ આ કથા સંભળાવવી નહિ. જેઓને સત્સંગ અત્યંત પ્રિય હોય તેઓ રામકથાનું શ્રવણુ કરવાને અધિકારી છે. ૩

ગુરૂ પદ પ્રીતિ નીતિ રત જોઇ, દ્વિજ સેવક અધિકારી સોઇ
તાકહ યહ વિશેષ સુખદાઇ, જાહિ પરમ પ્રીય શ્રીરઘુરાઈ ૪

જે માણુસે ગુરૂના ચરણોમાં તથા નિતિમાં અભિરૂચિ હોય, જે બ્રાહ્મણોની સેવા કરતો હોય તે માણુસ આ કથાનું શ્રવણુ કરવાને અધિકારી છે. જેને રામચંદ્રજી અત્યંત પ્રીય છે તેને આ કથા વિશેષ સુખદાયી થાય છે. ૪

દોહરો.

રામચરણુ રતિ જા ચહે, અથવા પદ નિર્વાન
ભાવ સહિત સો યહ કથા, કરે શ્રવણુ પુટ પાન.

જેને રામચંદ્રજીના ચરણોમાં પ્રીતિની ઇચ્છા હોય અથવા મુક્તિપદની ઇચ્છા હોય તેણે પ્રેમપૂર્વક કાનોરૂપી પડીઆ વડે આ કથાનું પાન કરવું ૨૦૩

ચોપાઇ.

રામ કથા ગિરિજા મૈં વરણી, કલિમલ શમન મનોમલહરણી;
સંસૃતિ રોગ સજીવન મુરી, રામકથા ગાવાહિં શ્રતિ ભરી ૧

હે પાર્વતી ! કળિયુગના મેલોને શાંત કરનારી, મનના મેલોને હરનારી, સંસારના રોગોને ટાળવામાં અમૃતમૂળી નામની ઔષધીરૂપ અને વેદોએ અત્યંત ગાએલી રામકથા મેં તમને સંભળાવી. ૧

ઈહિ મહ રૂચિર સત્પ સોપાના, રઘુપતિ ભકિત કેર પથનાના
અતિ હરિકૃપા જાહિ પર હોઇ, પાવં દેહ યહિ મારગ સોઇ

આ કથામાં કડિરૂપ સાત સુંદર પગથીઆં છે. જેઓ રામચંદ્રજીની ભકિતરૂપ અમૃત જળાશયમાં ઉતરવામાં માર્ગરૂપ છે જેના ઉપર રામચંદ્રજીની અત્યંત કૃપા હોય તે પ્રાણીજ આ માર્ગમાં પગ મૂકી શકે છે. ૨

મન કામના સિદ્ધિ નર પાવે, જો યહ કથા કપટ તજી ગાવે;
કહહિં સુનહિં અનુમોદન કરહીં, તે ગોપદઇવ ભવનિધિતરહીં

જે માણુસ કપટને છોડી દઈને આ કથાને ગાય તે માણુસના સઘળા મનોરથ સફળ થાય છે. જે માણુસ આ કથાનું વ્યાખ્યાન શ્રવણ કરે તે આ ભવસીંધુ ખાબોચીઆંની પેઠે તરી જાય છે. ૩

સુનિ સબ કથા હૃદય અતિ ભાઇ, ગિરિજા બોલી ગિરા સુહાઇ
નાથકૃપા મમ ગત સંદેહા, રામચરણ ઉપજા નવ નેહા ૪

યાજ્ઞવલ્ક્ય મુનિ કહે છે કે હે ભારદ્વાજ! હૃદયને પ્રિય લાગે એવી કથા શ્રવણ કરીને પાર્વતી સુંદર વાણીથી બોલ્યાં કે હે નાથ! આપની કૃપાથી મારો સંદેહ દૂર થઈ ગયો અને મને રામચંદ્રજીના ચરણોમાં અભિનવ સ્નેહ ઉત્પન થયો. ૪

દોહરો.

મૈં કૃત કૃત્ય ભયઉ અબ, તવ પ્રસાદ વિશ્વેશ;
ઉપજી રામ ભકિત દ્રઢ, વીતે સકલ કલેશ. ૧૪

હે વિશ્વેશ્વર! હું હવે આપની કૃપાથી કૃતાર્થ થઇ છું મને રામચંદ્રજીની દ્રઢ ભકિત ઉત્પન થઇ છે અને મારા સઘળા કલેશો નાશ પામી ગયા છે. ૧૪

યહુ શુભ શંભુ ઉમા સંવાદા, સુખદ સદા અરૂ શમન વિષાદા
ભવ ભંજન ગંજન સંદેહા, જન રંજન સજ્જન પ્રીય યેહા૧

હે ભરદ્વાજ ! આ સદાશિવનો તથા પાર્વતીનો શુભ સંવાદ સુખ આપનાર છે. ખેદોને શાંત કરનારો છે, જનમ મરણાદિકને નાશ કરનારો છે, સંદેહને ભાગનારો છે, લોકોને રાજી કરનારો છે, અને સજ્જનોને તો અત્યંત પ્યારો છે.

રામ ઉપાસક જે જગ માંહિ, ઇહિસમ પ્રિયતીન કહું કછુંનાહીં
રઘુપતી કૃપા યથા મતી ગાવા, મેંયહુ પાવન ચરીત્ર સુનાવા.

જગતમાં જેઓ રામચંદ્રજીના ઉપાસક છે, તેઓને આ સંવાદ જેવું બીજું કશું પ્રિય નથી. મેં સુંદર અને પવિત્ર રામચંદ્રજીની કૃપાથી મારી બુદ્ધિ પ્રમાણે તમારી પાસે કહી સંભળાવ્યું. ૨

ઈહી કાલ ન સાધન દુજા, યોગ યજ્ઞ જપ તપ વ્રત પુજા:
રામહીં સુમિરિય ગાઇય રામહીં, સંત સુનીય રામશેણુ ગ્રામહી.

આ કળિયુગમાં યોગ, યજ્ઞ, જપ, વ્રત. કે પૂજા આદિ બીજું કશું સાધન કામ આવે તેમ નથી. આ કાળમાં તો રામચંદ્રજીનું સ્મરણ કરીએ, રામચંદ્રજીના ગુણો ગાઇએ, અને રામચંદ્રજીના ગુણોના સમુહનુંજ નિરંતર શ્રવણ કરીએ એજ યોગ્ય છે. ૩

જાસુ પતીત પાવન બડવાના, ગ વહી કવી શ્રુતી સંત પુરાના:
તાહી ભજિય તજી મન કુટીલાઇ, રામ ભજે કેહીં ગતી નહીંઈ

જેની પતિત લોકોને પવિત્ર કરવાની પ્રીતિ જ્ઞાને કવિઓ શ્રુતિઓ સંતો તથા પુરાણો ગાય છે તેનુંજ મનની કુટિલતાને છોડી દઇને ભજન કરવું યોગ્ય છે. રામચંદ્રજીનું ભજન કરવાથી કોને સદગતિ મળી નથી. ૪

છંદ.

પાઇ ન ગતી કેહિ પતીત પાવન રામ ભજ સુનુ શઠ મના,
ગણીકા અજામીલ ગૃહ વ્યાધ ગજાદિ ખલ તારે ઘના;
આભીર યવન કીરાત ખશશ્વપાદ્દી અતી અઘ દુપજે;
કહિનામ તારક તે પીયાવન હોત રામ નમામી તે. ૧

હે મૂર્ખ મન! સાંભળ રામચંદ્રજીનું ભજન કરવાથી કોને સદ્દગતિ મળી નથી! તું પતિત પાવન રામચંદ્રજીનું શા માટે ભજન કરતું નથી! પિંગલા નામની ગણિકા તેને કેવળ એક રાતમાં ભજન કરવાથી પ્રભુએ તારી છે અજામિલ નામના બ્રાહ્મણે નારાયણ એવું પુત્રનું નામ લેવા માત્રથીજ પ્રભુએ તાર્યો છે. ધર્મ વ્યાધિ નામના કસાઇને સ્મરણમાંથીજ તાર્યો છે. પગમાં બાણ મારી પારધીને દર્શન માત્રથીજ તાર્યો છે. આ પ્રમાણે ગજેંદ્ર હાથીને કેવળ એક કમળ પુષ્પની ભેટ કરવાથી તાર્યો છે આ પ્રમાણે ઘણા ઘણાઓને તાર્યા છે. આહેરો, યવનો, ભીલો ખુરાસાનીઓ તથા ચાંડાલો વગેરે જેઓ અત્યંત પાપ રૂપ હોય છે તેઓ પણ એકવાર નામનું ઉચ્ચારણ કરવાથી પાવન થઇ ગયા છે. હે રામચંદ્રજી! આપ કે જે એવા અધમઓદ્ધારણ છો તેમને પ્રણામ કરૂં છુ ૩૦

રઘુવંશ ભૂષણ ચરીત યહનસારી સુનહીં જે ગાવહીં;
કલીમલ મનોમલ ધોઈ વીનુ શ્રમ રામ ધામ સીધાવહી. ૨
શત પંચ ચોપાઈ મનોહર જાની જે નર ઉર ધરૈ,
દારૂણ અવિદ્યા પચ જનીત વીકાર શ્રી રઘુપતી હરૈ

આ રામચંદ્રજીના ચરિત્ર વર્ણન રૂપ રામાયણને જે નરનારીઓ સાંભળશે કે ગાશે તેઓ પ્રયાસ વગરજ કળિયુગના મેલોને તથા મનના

ભેંસોને ઘોઇ નાંખીને રામચંદ્રજીના ધામમાં રીધાવશે. જે માણુસ ગ્રંથની ૫૧૦૦ ચોપાઇને મનોહર જાણીને હૃદયમાં ધરશે તે માણુસના અવિદ્યાથી ઉત્પન થએલા રાગ, દ્વેષ, મોહ, અભિનિવેશા, તથા અહંમમતા એ પાંચે દારૂણુ કલેશોને શ્રી રઘુનાથજી હરી લેશે. ૩૧

સુંદર સુજાન કૃપા નીધાન અનાથપર કર પ્રીતી જો,
સો એક રામ અકામ હીત નીર્વાણુ પ્રદસમ આનકે;
જાકી કૃપા લવલેશ તે મતી મંદ તુલસીદાસ હૂં,
પાયો પરમ વીશ્રામ રામ સમાન પ્રભુ નાહીં કહુ.

જેને સુંદર, સુજાણ, કૃપાના ભંડાર રૂપ અનાથ જનોની ઉપર પ્રીતિ રાખનાર કહીએ તો તે એક રામચંદ્રજીજ છે. કશા પણુ સ્વાર્થ વગર હિત કરે અને મુકિત આપે એવા રામચંદ્રજી જેવા બીજો કોણુ છે? હું મંદ બુધ્ધિવાળો તુળશીદાસ પણુ જેમની કૃપાના લવલેશ માત્રથી પરમ વિશ્રામ પામ્યો છું તે રામચંદ્રજી સમાન કૃપાળુ સ્વામી કયાંય મળે એમ નથી. ૩૫

દોહરો.

મોહ સમદીન ન દીન હીત, તુમ સમાન રઘુવીર;
અસ વિચાર રઘુવંશ મણિ, હરહુ વીષમ ભવપીર.

હે શ્રી રઘુવીર! રઘુવંશ મણિ! મારા જેવો કોઇ નથી અને આપના જેવો કોઇ દીન દયાળુ નથી. એમ વિચારીને મારી સંસાર રૂપી પીડાનું હરણુ કરો. ૨૦૫

કામીહિ નારીં પીયારી જિમી, લોભીહાં પ્રીય જિમી દામ;
તીમી રઘુવીર નીરંતર, પ્રીય લાગહુ મોહી રામ.

જેમ કામી પુરૂષને નિરંતર સ્ત્રીજ પ્રિય લાગે છે, અને લોભીજનને ધનજ નિરંતર પ્રિય લાગે છે તેમ મને રઘુવીર રામચંદ્રજીજ નિરંતર પ્રિય લાગજો.

કીર્તન ૧૭ મું.

ગીરધારી ગીરધારી ગોપાળલાલ ગીરધારી રે,
ભક્ત તણા છો હીતકારી, ગોપાળલાલ ગીરધારી રે.
શાવરી તે બાઈનાં જુઠાં બોરાં (૨) પ્રેમે આરોગ્યા મોરારી ગો.
છત્રપતીના મેવા તજીને (૨) ખાધી વીદુર ઘેર ભાજી. ગો.
દ્રૌપદીની દીન વાણી સુણીને (૨) વારે ધાયા વનમાળી. ગો.
નરસીંહ મહેતાની હુંડી હોંશેથી (૨) સામળીએ સીકારી. ગો.
દાસનું દાસ કહે ગુરૂ પ્રતાપે (૨) મોટી છે ઓથ તમારી. ગો.

કીર્તન ૧૮ મું.

નંદકુંવર તારૂ નામજ સાંભળી આશા ભર્યા અમે આવ્યા રે;
વાલા આશા ભર્યાં અમે આવ્યા રે
વનમાં વેણુ વગાડી રસીયા (૨) શા અર્થે તેડાવ્યા રે વાલા (૨)
ગૌ દોવંતા દુણીરે ભુલ્યા (૨) વાછરડાં ધવરાવ્યાં રે વાલા (૨)
બાજંતાં વલોણાં મેલ્યાં (૨) છાછરમાં ઘી તાવ્યા રે વાલા (૨)
મૈયરની મરજાદા મુકી (૨) સાસરીયાં સમજાવ્યાં રે વાલા
રણછોડના સ્વામી સુંદીરવર (૨) દાસે ગુણ તમારા ગાયા રે વાલા

કીર્તન ૧૯ મું.

રાધે ગોવીંદ રામ રાધે ગોવીંદા. રાધે.
વંદ્રાવનચંદ રામ રાધે ગોવીંદા. રાધે.
માખણકો ચોર રામ રાધે ગોવીંદા. રાધે.
બંસી બજાઈઓ રામ રાધે ગોવીંદા. રાધે.
મોર મુગટ રામ રાધે ગોવીંદા. રાધે.

ગોપીઓકે નાથ રામ રાધે ગોવીંદા. રાધે.
કંસ કેરો કાળ રામ રાધે ગોવીંદા રાધે.

કીર્તન ૨૦ મું.

સખી આજનો લાહવો લીજી રે કાલ કોણે દીઠું છે.
ફુલની ગાદી ને ફુલના તકીયા (૨)
ફુલનાં બીછાનાં બીછાવીએ રે કાલ કોણે દીઠી છે.
સોનાનાં સોગટાં બે રેશમની ચોપાટ (૨)
હીરલાના પાસા ઢળાવીએ રે કાલ કોણે દીઠી છે.
સોનાનું પારણું રેશમની દોરી (૨)
હરખે શ્રીનાથજી ઝુલાવીએ રે કાલ કોણે દીઠી છે.
વાણીના મેહુલા ને આનંદની હેલી (૨)
સુખતે સરવડે ભીજાઈ રે કાલ કોણે દીઠી છે.
વલ્લભના સ્વાંમી રસીક શીરોમણી (૨)
વળી વળી મુખડાં નીહાળી રે કાલ કોણે દીઠી છે.

કીર્તન ૨૧ મું.

મોરલી મે'રે સુણીરે કાનુડા માઝમ રાત,
મોરલી વાગી હોજી રે (૨)
બાઈ પેલા જુમનાજીને ઘાટ, કાનુડા માઝમ રાત. ૧
પાણીડાં ગ્યાંતાં હોજી રે (૨)
બાઇ પેલા કેસરીયા તલાવ. કાનુડા. ૨
ઉઢણી ભરાવી હોજી રે (૨)
બાઇ પેલી આંબલીઓને ડાળ. કાનુડા. ૩

બેડલાં મેલ્યાં હોજી રે (૨)
બાઈ પેલા સરોવરીયાની પાર કાનુડા. ૪
ચાલ્યો ચાલ્યો હોજી રે (૨)
બાઇ પેલી સૈઅરોનો સાથ. કાનુડા. ૫
પેર્યા પેર્યા હોજી રે (૨)
બાઈ મેં તો અવળાં સવળાં ચીર. કાનુડા, ૬
મેલ્યાં મેલ્યાં હોજી રે (૨)
બાઇ પેલાં પારણીયામાં બાળ. કાનુડા. ૭
મળીયો મળીયો હોજી રે(૨)
બાઈ પેલા નરસીંયાનો નાથ. કાનુડા. ૮
પુરી પુરી હોજી રે (૨)
બાઇ મારા મનડા કેરી આશ. કાનુડા. ૯

શ્રી ગણેશાય નમઃ

શ્રી રામ-રસ.

ભાગ ૫ મો.

કીર્તન ૨૨ મું.

ભકિત મહા બળવંતીરે વહાલો વશ થઇ આવે ઘેર,
વશ થઇ આવે ઘેર છબીલો વશ થઈ આવે ઘેર. (ટેક)
ભકિતને વશ થઇને વાલો વશીયા ગોકુળ ગામ (૨)
આહીરડાને લાડ લડાવ્યાં (૨) એવા સુંદર શ્યામ. ભકિત.
વેદ પુરાણુ પોકારે હરીનું પતિત પાવન નામ (૨)
એ પાંડવની સાથે રહીને (૨) સઘળાં કીધાં કામ. ભકિત.
અમરીષને હેતે અવતરિયા ભકતન કેરે ઘેર (૨)
રઘુનાથ કે પામ્યા ફેરી (૨) એ પુરવની પેર. ભકિત.

કીર્તન ૨૩ મું.

એસી બન જાયગી, ગોવીંદ ગુણુ ગાયસે,
ગોવીંદ ગુણુ ગાયસે ગોપાળ ગુણુ ગાયસે. એસી.
ધ્રુવકી બન ગઈ પ્રહલાદકી બન ગઈ;
પુતનાકી બન ગઇ દુધકે પીલાયસે. એસી.
ગજકી બન ગઇ ગોપીકી બન ગઇ
કુબજાકી બન ગઇ ચંદન ચઢાયસે. એસી.
પાંન્ડવકી બન ગઇ વીદુરકી બન ગઈ;

કરમાકી બન ગઈ ખીચડા ધરાયસે. એસી.
અહલ્યાકી બન ગઇ સબરીકી બન ગઈ,
ગુણકાકી બન ગઇ પુષ્પો ચઢાયસે, એસી.
મીરાંકી બન ગઇ સેનાકી બન ગઇ,
નરસીંહકી બન ગઇ કીર્તન સુનાયસે. એસી.
સંકાકી બન ગઈ બંકાકી બન ગઇ,
અજામીલકી બન ગઇ નારાયણ પુકારસે. એસી.
સુદામાકી બન ગઇ સજનાકી બન ગઇ,
તુલસીકી બન ગઈ પવન કુમારસે. એસી.

કીર્તન ૨૪ મું.

જય ગોવીંદ પરમાનંદ સંતને સુખકારી.
સંતને સુખકારી રામા સંતને સુખકારી. જય.
ગ્વાલ બાલ સંગ ખેલે નંદજીકે લાલા. જય.
કાલીનાગ નાથ લાએ કૃષ્ણ મોરે પ્યારા. જય.
અહસે ગજરાય લીઓ કરમાં બંસી વાલે. જય.
ધનદાસ સુરકે સ્વમી મોર મુગટ વાલે. જય.

કીર્તન ૨૫ મું.

તમે નામ રામનું રે લેતાં ડરશોમાં,
તમે ડરતા હોતો રે ફરીને લેશોમાં. વગે.
સંસારી કહે છે રે જગતડાં જુઠાં છે,
તમે જુઠાં ન જાણજો રે, તેનાં મુળ ઉંડાં છે. તમે.
સંસારી કહે છે રે, જગતડાં નાચે છે,

તમે નાચ્યાં ન જાણુશો રે, પ્રભુને જાચે છે. તમે.
સંસારી કહે છે રે ભગતડાં કાલાં છે,
તમે કાલાં ન જાણુજો રે રામાને મન વાલાં છે. તમે.
સંસારી કહે છે રે, ભગતડાં ઘેલાં છે,
તમે ઘેલાં ન જાણુજો રે, રામાને મન પેલાં છે. તમે.
સંસારી કહે છે રે, તમારા રામ મેલા છે,
ભગત સૌ કહે છે રે, અમારા રામ સેલા છે. તમે.

કીર્તન ૨૬ મું.

ભાવે ભજતાં ત્રીભોવનનાથ શરમ તેમાં શાની રે,
વાલો રીઝવતાં વીશ્વનાથ શરમ તેમાં શાની રે.
ધનવાન અને વિદ્વાન, શ૦ સેવે બુઢા અને જવાન. શ૦
ભજી ગયા જેને મોટા ભુપ, શ૦ ધ્રુવ પ્રલ્હાદ રાજાના પુત્ર. શ૦
ઓધવ અક્રૂર અને અમરીષ, શ૦ રાજા ખંડવાંગને પરીખ. શ૦
તજ્યુ ભરતે જેને માટે રાજ, શ૦ મીરાંબાઇએ ન રાખીલાજ, શ૦
કહે દાસ નથી બુરૂ કામ, શ૦ ભાવે લેતાં પ્રભુનું નામ, શ૦
કહે કરજોડી દાસાનુદાસ, શ૦ અંતે જાવું પ્રભુની પાસ. શ૦

કીર્તન ૨૭ મું.

આવોને મારા રઢીયાળા રણુછોડ રે,
વાલા તમારી જુગમાં ન મળે જોડ રે. આવો.
પીળાં પીતાંબર શોભે નંદના લાલા રે,
મેં બલીહારી જાઉં શ્રી વ્રજના વાલા રે. આવો.
મોર મુગટને કાને કુંન્ડળ વાળી રે.

ખમાહા વાહાલા ગોકુળના ગીરધારી રે. આવો.
હાથે કંકણુ બાંએ બાજુબંધ રે,
નીરખે તેનાં નયણાં થાય પ્રસન રે, આવો.
ફુલના ગજરા ફુલના હાર ને તોરા રે,
કેડે શોભે સોનાના કંદોરા રે. આવો.
ત્રીકમ તારા તેજ તણો નહી પાર રે,
માણેક મોતી હીરલે જડીયા હાર રે, આવો.
ફુલે ગુલાબને ફુલે ભરાવું ફુલવાડી રે,
જન રૂગનાથને દરસન દેજો દાડી રે. આવો.

કીર્તન ૨૮ મું.

તારા મનને જાણે મરવું નથી રે,
જેમ પીપળના પાનને ખરવું નથી રે. તારા.
જે ઠેકાણે ઓઢાડી મંગળ ઘાટડી રે,
તે ઠેકાણે પોઢાડે તારી ઠાઠડી રે. તારા.
જે ઠેકાણે વાજીંત્ર તારાં વાગીયાં રે,
તે ઠેકાણે લેવાશે તારાં છાજીઆં રે. તારા.
તારે વહાલી વિના કેમ ચાલશે રે,
તેનો ચુડો ભાગી ખુણે ઘાલશે રે, તારા.
જે ઠેકાણે લખી કંકોતરી રે,
તે ઠેકાણે લખાશે કાળોતરી રે તારા.
રૂષીરાજના વચન સત્ય જાણજો રે,
ગુણ હરીના ગાએલા સાથે આવશે રે. તારા.

કીર્તન ૨૯ મું.

ક્યારે તમે પરવારશો, આ કાળ તારી કેડે પડ્યો છે;
દીન દીન ઘણા ગુંચાશો રે. „ „
દુરીયોધન શીર છત્ર ધરાતું, તોએ ગણ્યા ન દુટી. કાળ.
ચઉદ ચોકડીપર રાજ્ય રાવણનું, કાળે નાખ્યો તેને કુટી. કાળ.
એક મળે તે અનેકની આશા, પરણેતો પુત્રની આશા. કાળ.
પુત્રના પુત્રની વાડી જોવી છે, જોવા છે જુડા તમાશા. કાળ.
ગામડાણા ને દેશડાણા થવું છે, ડોળવાછે દુખના દરીઆ. કાળ.
દાસાનુદાસ કહે ગુરૂ પરતાપે, આ ભવછે દુખનો દરીઆ. કાળ.

કીર્તન ૩૦ મું.

તુલસી મગન ભયો, રામગુણ ગાયસેં;
રામગુણ ગાયસેં, ગોપાલ ગુણ ગાયસેં. તુલસી.
કોઇ ચલે હાથી ઘોડા, પાલખી મંગાયસેં;
સાધુ ચલે નંગે પગે, કીડીમાં બચાયસે; તુલસી.
કોઈ ઓઢે સાલ દુસાંલા, કામરી મંગાયસેં;
સાધુ ઓઢે ભગવી કફની, ભભુત લગાયસે. તુલસી.
કોઈ ખાવે સીરા પુરી, લાડવા બનાયસેં;
સાધુ પાવે સુકા ટુકડા, ભોગ લગાયસેં. તુલસી.
સબ કોઇ ન્યાલ ભએ, દાલ ઓર ગ્રામસેં,
તુલસીજી ન્યાલ ભયે, સીતારામ નામસેં, તુલસી.

કીર્તન ૩૧ મું.

સીયારામ ભરૂસો મુજને ભારી,
પ્રભુ શ્રી અવધ બીહારી રે. શીયારામ.
એક બાણે પ્રભુ તાડકા મારી (૨)
ગૌતમ નારી ઓધારી રે. શીયારામ.
નરસીંહ રૂપે હીરણ્યાકસ્યપ માર્યો (૨)
પ્રલ્હાદ લીધા ઉગારી રે. શીયારામ.
જુના તે ગઢથી હુંડી લખેલી (૨)
દ્વારકાંધીસે સ્વીકારી રે. શીયારામ.
કુંવરબાઈનાં વહાલા મામેરાં પુર્યાં (૨)
નરસીંહની લજ્યા રાખી રે. શીયારામ.
દાસાનુંદાસ કહે ગુરૂજી પ્રતાપે (૨)
રામ નામ પર જાઉં વારી રે. શીયારામ.

કીર્તન ૩૨ મું.

મીલનો સંત નહીંકો નીકો,
સુન પરદેશી પ્યારે. મીલનો.
મેરેતો એક સ્યામ મનોહર (૨)
ઓર જગત શબ ફીકો. મીલનો.
અરસ પરસ મીલી હરી ગુણ ગાશું (૨)
શ્યામ બીહારીજીકો. મીલનો.
ખાટી છાસ મોહે નજરે ન શોહે (૨)
સુરો ખરૈયો ઘીકો. મીલનો.

કીર્તન ૩૩ મું.

વારી જાવું રેં લાલા તારા નામને રે,
ગોકુળ કીધું છે સાયલા ગામને રે. વારી.
લાલાંને આંગણે તો લીમડાની લેર છે રે.
ઘણા સાધુજન ઉપર મેર છે રે. વારી.
લાલાને આંગણે તો ધુપ દીવા થાય છે રે,
ઘણા સાધુ જન સીરા પુરી ખાય છે રે. વારી.
મારા કરમે ગુંચાએલાં કોકડાં રે,
શું કરસે દુરીજન લોકડાં રે. વારી.
દાસ **તુલસી** ગોસાંઇ એમ બોલીયા રે,
મારા અંતરના પડદા ખોલીયા રે. વારી.

કીર્તન ૩૪ મું.

પીળે પટકેવાલે છબી પ્યારી કબ દીખાવોગે,
કબ દીખાઓગે કનૈયા કબ દીખાઓગે. પીળે.
મોર મુગટ સીર ધર્યો રત્નસે જડાવ,
ગલેમે માળ તીલક ભાલમેં લગાવોગે. પીળે.
મકર કુંડલ પીતવસ્ન કમર મેખલા.
કમલનૈન મધુર બેન કબ સુનાઓગે. પીળે.
સંખ ચક્ર ગદા પદ્મ હાથમેં ધરે,
લક્ષ્મી સંગ સામ રંગ કબ સોહાવોગે. પીળે.
બ્રહ્માનંદ કરકે પ્રભુ દાસપે દયા,
પગમે કડે ગરૂડ ચડે વેગે આવોગે. પીળે.

કીર્તન ૩૫ મું.

અહો રામ રામરે જોને આ સાર સંસારનો. સીતારામરે સી૦
તારો મૂવે કોને શોકરે ચોકમાં ચીજો ઉતારસે, ,,
મીથ્યા મૂકશે પોકરે જોને આ સાર સંસારનો, ,,
અહો રામ રામરે રોતાં રજેલું પુછશે, ,,
માગી લેશે હીસાબરે તું કહીશ કે કેડે વાપરો, ,,
તેનો નહી દે જવાબરે જોને આ સાર સંસારનો, ,,
અહો રામ રામરે એમ કરતાં મુઈ દેહડી, ,,
સગા સહોદર સાથરે નકામો જાણી ઉપાડશે, ,,
ઘડી રાખે નહી કોયરે જોને આ સાર સંસારનો, ,,
અહો રામ રામરે નારી તારી નવે લુગડે, ,,
સજી સોળ શણગારરે કોરારિ કંકણ પહેરીને, ,,
એતો નીસરે ઘરની બહારરે જોને આ સાર સંસારનો, ,,
અહો રામ રામરે કપાળે કુમકુમ રોળીને, ,,
સીંચે સેંચે ધુપેલ રે જાણે વહુ વીવાહ તણી, ,,
જુઓ રાંડ્યાના ખેલ રે જોને આ સાર સંસારનો, ,,
અહો રામ રામ રે ઓહો કરીને લોક આવશે, ,,
સગા સહોદર સાથ રે મારે તડાકા ટાઢા થઈ, ,,
જોઈ નાત રહી વાટ રે જોને આ સાર સંસારનો, ,,
અહો રામ રામરે ઘેબર પડાવો ગલપાપડી, ,,
પડાવો પકવાનરે ગળ્યાં જમણુ મુવા તણાં, ,,
આતે કાંણુ કે જાન રે જોને આ સાર સંસારનો, ,,
અહો રામ રામ રે મીઠાં મોઢાં થાય લોકનાં, ,,

જક્ષ સે પરીવાર રે સારા કરમના કોયલા, ,,
પોતાને ખાવા માટ રે જોને આ સાર સંસારનો, ,,
અહો રામ રામ રે નામ તારૂં નેવે મુકીઉં, ,,
ટાળી તનનો ઉચાટ રે નાત જાત ખવરાવે ખુશથી, ,,
તારૂં દુઃખ દીન ચાર રે જોને આ સાર સંસારનો, ,,

કીર્તન ૩૬ મું.

સમજે તો સમજાવું મનડા મારા રે,
ના સમજે તો મારે શું ભોગ તારા રે. ૧
વાટ જુવે છે તારી વનની કાઠી રે,
નહીં છોડશે નનામીની લાઠી રે. ૨
ખાપણુ તારૂં વણુઇ મુકયું છે પાપી રે,
મુંજની દોરી સુપ તણે ઘેર આપી રે. ૩
તોએ તું તો મગરૂરીમા મહાલે રે,
એકનું મંડાવેને બીજાનું ઘર ઘાલે રે. ૪
ડાપણુમાં ને ડાપણુમા સૌ ખોયું રે,
પાછું વાળીને શું થાશે તે નવ જોયું રે. ૫
તું ધારે કે સુખી કરૂં સુત દારા રે,
આવી પહોંચશે કાળી ડગલી વાળા રે. ૬
સગાં સંબંધી તારા ટગ ટગ જોયા કરશે રે,
ચોટલી ઝાલીને જમડાતો ઘસડશે રે. ૮
ધગધગતા અંગારા આવશે જ્યારે રે,
બુમો પાડશો તે છોડાવસે કોણ ત્યારે રે ૯
આંસુનું લોનારૂં ત્યાં નથી તારૂં રે,

મારે સમજીને સંગ કરો તો સારૂ રે. ૧૦
ભુખો લાગશે ને પાણી કયાં જઈ પીસો રે,
ગોખરૂની વૈતરણીમાં શું કરસો રે. ૧૧
દીન ઉપર દીન રાત જાય છે વહાણું રે,
કયાં જાસો પછી ઓચીતું આવસે આણું રે. ૧૨
શ્રી સરજુ પ્રતાપે સુખડાં આવ્યાં સારાં રે,
જમનાં ધાડાં સુમતીએ હઠાવ્યા રે. ૧૩

કીર્તન ૩૭ મું.

તમે નામ નારાયણનું રે લેતાં ડરસોમાં,
જો ડરતાં હોયતો રે ભજનમાં ભરસોમાં. ટેક.
પેલાં સંસારી કહે છે રે ભગતડાં જુઠાં છે,
તમે જુઠાં નાં જાણસોરે હરીને મન રૂડાં છે. તમે.
પેલાં સંસારી કહે છે રે ભગતડાં કુદે છે,
તમે કુદયાં નાં જાણસો રે હરીને રૂદે છે. તમે.
સંસારી કે છે રે ભગતડાં નાચે છે,
તમે નાચ્યાં નાં જાણસો રે હરીને જાચે છે. તમે.
પેલાં સંસારી કે છે રે ભગતડાં જુઠાં છે,
તમે જુઠાં નાં જાણસો રે હરીને મન સાચાં છે. તમે.
પેલાં સંસારી કે છે રે ભગતડાં નાચે છે,
તમે નાચ્યા ન જાણશો રે પ્રભુને પાસે છે. તમે.

સ્તુતિ.

શ્રી રામચંદ્ર કૃપાળુ ભજ મન હરણ ભવ ભય દારૂણં,
નવકંજ લોચન કંજ મુખ કર કંજ પદ કંજારૂણં
કંદર્પ અગણિત અમિત, છબિ નવ નિલ નીરદ સુંદરણં,
પટ પીત માનહુ તડિત રૂચિ શુચિ નૌમિ જનક સુતાવરં.
શિર કિરિટ કુંડલ તિલક ચારૂ ઉદાર અંગ વિભુશણં,
આજાનુભુજ શર ચાપધર સંગ્રામ જિત ખર દુષણં,
ભજો દીન બંધુ દિનેશ દાનવ દલન દુષ્ટ નિકંદનં,
રઘુનંદ આનંદ કંદ કૌશલ ચંદ દશરથ નંદનં.
ઇતિ વદીત તુલસીદાસ શંકર શેષ મુની મન રંજનં,
મમ હૃદય કંજ નિવાસ કરૂ કામાદિ ખલ દલ ગંજનં.

ભગવાનની ૧૦૮ નામની સ્તુતી.

ગુરૂગોવિંદ કૃપાનિધિ કેશવ કમળાનાથ કૃપાળ,
કમળનયણ કરૂણાસાગર શ્રીકૃષ્ણ હરે ગોપાળ.
ગોપીજન વલ્લભ ગીરધારી ગોપીનાથ ગોવીંદ,
ગોકુળેશ ગરૂડધ્વજ ગોવરધનધારી વૃજચંદ.
ગોકુળચંદ્ર ગદાધર ગોધર ગોમતી પ્રીય રમેશ,
નારાયણ નરસિંહ નિરંજન નીરાકાર નરેશ.
નરકાંતીક નરવીર નરોતમ નંદલાલ નરરૂપ,

જગનાથ જગન્નાથ જનાર્દન જોતીરૂપ જગભુપ,
જગદાધાર જસોદા નંદન જગજીવન જુગનેશ,
શ્રી જુમનાવલ્લભ જુગવંદન જગદીશ્વર જમુનેશ.
ચક્રપાણી ચતુર્ભુજ અચ્યુત શ્રીદાનંદ શુભકંદ,
ચતુર્બાહુ ચાણુર તનમર્દન શ્રીધર પરમાનંદ.
દયાસિંધુ દામોદર દિનપતિ દીનાનાથ દયાળ,
દીનબંધુ પ્રભુ દેવકીનંદન નરપતી સુરપતીપાળ.
શ્રીપતી પદમાપતી રાધાપતી કમળાપતી ભવેશ,
દધીજાપતી રૂક્ષ્મણીપતી સામર સીતાપતી રૂષીકેશ,
પદ્મનાભ પુરૂષોત્તમ પરીબ્રહ્મ પરમપુરૂષ પરમેશ.
પુષ્કરાક્ષ પરમાક્ષ પરમપ્રભુ મધુસુદન મથુરેશ,
ધરણીધર અવનીધર ભુદર વસુમતી ધર મહીધારી,
કૌસ્તુભધર પીતાંબરધર બંસીધર કુંજબિહારી.
માધવ મુરમર્દન મધુમર્દન મતીવિક્રમ સુખધામ,
મુકુંદ મેઘવર્ણ મહાબાહુ જદુપતી સુંદરશ્યામ;
શ્રીરામચંદ્ર પ્રભુ દશરથનંદન દયાસિંધુ ભગવંત,
માંપાહી માંપાહી પાહીમાં પુર્ણાનંદ અનંત.
અષ્ટોત્તર સતનામ કૃષ્ણના ગણીગણી જેજન ગાય,
રોગદોષ દુઃખ કલેશ જશે વળી પળમાં પાપ જાય.
મનવાંચ્છિત ફળ તેને મળશે દયો કહે દુવવાણી,
કોટીક કારજ તજીને ભજીએ દ્રઢ કરી સારીંગપાણી.

ધુનો.

૧. હરે રામા રામા રામા રામ.

૨. વીઠલ વીઠલ વીઠલા હરી હો વીઠલા.
   માઇ બાપા વીઠલા હરી ઓ વીઠલા.

૩. રઘુપતી રાઘવ રાજા રામ, પતીત પાવન સીતા રામ.

૪. ભજલે પ્યારે ભજલે રામ, ગંગા તુલસી સારંગરામ.

૫. ભજો રણછોડરાય ભજો રણછોડરાય, દ્વારકાંથી આવ્યા પ્રભુ
   કરવાને સહાય.

૬. કૃષ્ણ કનૈયા ઝુલે નંદલાલા, ભજો ગોવીંદ ગોવીંદ ગોપાલા.

૭. અગાડી ચલે રામરાજા પીછાડી સંતનકી ફોજ.

૮. ચંદન લેપન નીલ કલેવર, પ્રીત વત્સલ વનમાળી.

થાળ.

તું તો ચાલને મારે ખેતર રે હો કરશણીયા.
કરશણીયારે મને દરશણ દેજે ને,
આરતની રહ્યું તારી.
તારે ને મારે સગપણ સાચું,
જાણે જશોદા કાચી. રે હો—તું તો.
જાડરડીનો મેં તો સીચડો રાંધ્યો ને,

મઠ ચોખા માંઇ નાખ્યો.
આપણે બે જણ ભેળાં બેસી જમશું,
પેલાં છોરૂડાં ઉડાડશે માંખ્યો. ૨ હો–તુંતો.
નવા તે ઘઉંનો મેં પુખજ પાડયો,
ને માળા હેઠળ મુચ્યો,
તારે કાજે કરહણીયા મેં,
હરવે હરવે પુચ્યો. ૨ હો–તુંતો.
સામે તે સેરડે બોરડીરે પાકી,
ને તેના તે મેઠાં મેઠાં બોરાં.
આપણ બે જણ બોરાં વેણી ખાઇશું,
પેલાં છોરૂડાં ચારસે ઢોરાં. ૨ હો–તુંતો.
મારા ખેતરમાં કારંગડી પાકી,
ને તેની તે લાંબી લાંબી લુંમો:
મારાં ખેતરમાં છાનો માનો આવજે,
રખેને પાડતો બુમો. ૨ હો–તુંતો.
કરહણીયારે મને હેતે કરીને,
દાડી દાડી દરશન દેજે.
નંદ કુંવરી... ...લા પધારજે;
જોઇએ તે મા... ...લેજે. ૨ હો–તુંતો.

આરતી.

જય રાધા રમણા પ્રભુ જય રાધા રમણા;
કુંજ બીહારી દયાળુ (૨) જન પાતક હરતા   જય રાધા.
શ્રી રણછોડ રાયા, મોહન વનમાળી,   પ્રભુ૦
મન મંદીરમાં વસીયા (૨) વસતાં સુખકારી   જય રાધા.
ગોવરધન તોળ્યો, ગોકુળને તારી.   પ્રભુ૦
ઈન્દ્રનો ગર્વ ઉતાર્યો (૨) જય જય ગીરધારી   જય રાધા.
કમળ નયન શ્રીપતી, પુરસોતમ પ્યારા,   પ્રભુ૦
નટવર નંદ દુલારા (૨) જય જય રઢીઆળા   જય રાધા.
રામ કૃષ્ણ રાજો, ત્રીભોવન ત્રીપુરારી,   પ્રભુ૦
શ્રી ધારી મોરારી (૨) જય મોરલી વાળા.   જય રાધા.

સાખીયો.

રામચંદ્ર મુખ ચંદ્ર છબી, લોચન ચારૂ ચકોર;
કરત પાલ સાદર સકલ પ્રેમ પ્રબોધ બહુ થોર.   સીયા૦
મેરે તો તુંમ એક હો, તુમારે ઓર અનેક;
સરોવર હંસા બોત હે, હંસા સરોવર એક.   સીયા૦
જીન પાયનકી પાદુકા, ભરત રહે મન લાગ;
તે પદ આજ બીલોકીહું, ઇન નયન અબ જાય.   સીયા૦
દીખરાવા માતા હી નીજ, અદભુત રૂપ અખંડ;
રોમ રોમ પતિ રાજ હી, કોટી કોટી બ્રહ્માંડ.   સીયા૦

જગ કારણુત તારણુ ભવહી, બંજન ધરણુી ભાર;
કી તુમ અખીબ ભુવન પતિ, લીન્હ મનુજ અવતાર. સીયા૦
કામી નારી પ્યારી જીમી, લોભીન પ્રીય જીમી દામ;
તીમી રઘુ નાથ નીરંતરં, પ્રીય લાગો મોહે રામ. સીયા૦
રામ નામ નર કેશરી, કનક કશ્યપ કરી દાલ;
જાયક જન પ્રહલાદજીમી, પાવહિં દશી સુલેસાલ. સીયા૦
પગ પવિત્ર તિરથ કર, હસ્ત પવિત્ર કર દાન;
મુખ પવિત્ર કબ હોગા, જન ભજલે સીતારામ. સીયા૦
વય કિશોર સુખમાં સદન, શ્યામ ગૌર સુખધામ;
અંગ અંગ પર વારીએ, કોટી કોટી સતકામ. સીયા૦
રામ નગરી સુખ પાવની, સરજુ ગંગ કે તીર,
અચળ રાજ મહારાજકું, ચોકી હનુમંત વીર. સીયા૦
કોટી કલ્પ કાશી વસે, મથુરા કલ્પ હજાર;
એક નિમિશ સરજુ વસે, તુલસી તુલે તુ[illegible]ર, સીયા૦
રામદાસ વિનતી કરે, પ્રભુ છો ગરીબનીવાજ;
દીન દયાલા રાખજો, અરજદારની લાજ, સીયા૦

સમાપ્ત.